**समानो मन्त्रः** (ऋग्वेद) **समानी प्रपा** (अथर्ववेद)

# પરબ

## ઓનલાઈન

સ્થાપના વર્ષ : ૧૯૬૦

વર્ષ : ૩ ઑક્ટોબર : ૨૦૦૮ અંક : ૪

**: પરામર્શનસમિતિ :**

| | | |
|---|---|---|
| **નારાયણ દેસાઈ** | **ભોળાભાઈ પટેલ** | **ભારતી ર. દવે** |
| પ્રમુખ | વરિષ્ઠ કાર્યવાહકસમિતિ સભ્ય | પ્રકાશનમંત્રી |

**: તંત્રી :**

યોગેશ જોષી

**: સહતંત્રી :**

પ્રફુલ્લ રાવલ

## ગુજરાતી સાહિત્ય પરિષદ

**મેઘાણી જ્ઞાનપીઠ ○ ક. લા. સ્વાધ્યાયમંદિર**

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમ માર્ગ,
'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન અને ફૅક્સ : ૨૬૫૮૭૯૪૭
Web-site : www.gujaratisahityaparishad.org
www.gujaratisahityaparishad.com






## અ નુ ક્ર મ

**પરિષદ-પ્રમુખનો પત્ર** નારાયણ દેસાઈ

**કવિતા** અશ્વ મારો સમાલો ● ચંદ્રકાન્ત શેઠ, મારી આજ ● પ્રફુલ્લ રાવલ, કહેનારે સાચું કહ્યું ● હરિકૃષ્ણ પાઠક

**સમીક્ષા** શબ્દસેવી અધ્યાપકનો સ્વાધ્યાય ● રમેશ એમ. ત્રિવેદી

**સમીક્ષા/ગ્રંથાવલોકન** 'પુનશ્ચ'માં વિલંબિત તર્કગ્રથિત કાવ્યસર્જન ● રાધેશ્યામ શર્મા

**પરિષદવૃત્ત** સંકલન : અનિલા દલાલ

**સાહિત્યવૃત્ત** સંકલન : પ્રફુલ્લ રાવલ

**આવરણચિત્ર** અતુલ ડોડિયા [કવિવર રવીન્દ્રનાથ ટાગોર સાથે મહાત્મા ગાંધી]

# પરિષદ-પ્રમુખનો પત્ર

ગિરા ગુર્જરીને વિશ્વ-ગુર્જરી બનાવવા સારુ કદાચ સૌથી મોટી જરૂરિયાત ગુજરાતી સાહિત્યકારોની ગુણવત્તા વધે એને ગણી શકાય. ગુણવત્તા વધારવાની જ્યારે હું વાત કરું છું ત્યારે મારા મનમાં નીતિ વિષેના કોઈ વિધિનિષેધનો કે કોઈ માનસિક આભડછેટનો આશય હરગિજ નથી. જેને દુનિયા નીતિ માનતી હોય એવી કોઈ નીતિનું પાલન ન કરનાર પણ ઊંચા પ્રકારનું સાહિત્ય લખી શકે, એમ હું માનું છું. સાહિત્ય અંગેની નીતિ એટલે મારા મનમાં પોતાને અંગેની ઇમાનદારી, ચિત્તની વિશાળતા ને સમાજના આક્ષેપો ઝીલવાનું સાહસ છે. આ ઉપરાંત સાહિત્યકારમાં અભિવ્યક્તિની કુશળતા પણ જોઈએ. પણ ઉપરોક્ત ગુણવિહોણી કુશળતા નહીં.

આવા ગુણો કાંઈક અંશે જન્મજાત હોય તો પણ તે મુખ્યત્વે ખંતપૂર્વક કેળવવાથી વિકસે છે. આ પ્રક્રિયા એક પ્રકારે ઊર્ધ્વારોહણની હોય છે. ઊર્ધ્વારોહણનો આરંભ પોતાની જાતથી જ થાય છે, કોઈના અનુકરણથી નથી થતો.

'પરબ'ના વાચકોને આ વિષય જ્યાં સુધી લાગુ પડે છે તેટલા પૂરતો એને તપાસીએ.

આવા ગુણવિકાસ સારુ ગુજરાતી સાહિત્ય પરિષદે પોતાનું વર્તુળ વિસ્તૃત કરવું પડશે. એની સાથે સંબંધિત સૌ કોઈએ પોતાના વ્યક્તિગત રાગદ્વેષ કે પૂર્વગ્રહો પરિષદના રાગદ્વેષ કે પૂર્વગ્રહ ન બને એની કાળજી રાખવી પડશે.

બીજું, પરિષદે સર્વસમાવેશકતા તરફ ગતિ કરવાની છે. આપણે આપણી કલ્પના અને તર્ક પ્રમાણે સાહિત્યના વિવિધ યુગો પાડ્યા છે. આજે પણ ગુજરાતી સાહિત્યમાં કેટલુંક પંડિતયુગનું ગણાય તેવું, કેટલુંક ગાંધીયુગનું ગણાય તેવું, કેટલુંક આધુનિકયુગનું અને કેટલુંક અનુઆધુનિકયુગનું ગણાય તેવું સાહિત્ય રચાય છે. એ સાહિત્યના યુગ કે એના વાદને લીધે એ સાહિત્ય ગ્રાહ્ય કે અગ્રાહ્ય ન ગણાવું જોઈએ. એ જ રીતે સાહિત્ય કોઈ એક વર્ણની ઇજારદારી નથી. સર્વ વર્ણોનો તેની પર સરખો અધિકાર છે. વળી નાગરી સાહિત્ય જેવું જ સ્થાન આપણી ભાષામાં ગ્રામીણ સાહિત્યને પણ હોવું જોઈએ. સાહિત્યકારની રુચિ મુજબ સાહિત્ય વાસ્તવવાદી કે આદર્શવાદી હોઈ શકે. એમાં કાંઈ એકને ઉતારી પાડવા કે ચડાવવાની જરૂર નથી. બંને પ્રકારનાં સાહિત્ય પરસ્પર વિરોધી નથી પણ પૂરક છે. એ જ રીતે સામાન્ય સાહિત્ય અને વિવેચનસાહિત્ય પણ પરસ્પર પૂરક બની શકે. એમાં જરૂર છે વિવેચકે કાજી બનવાને બદલે કેળવણીકાર બનવાની અને સાહિત્યકારે વિવેચનને તરછોડનારને બદલે એમાંથી ગ્રહણકાર બનવાની.

ગુજરાતી સાહિત્ય પરિષદના અધ્યક્ષ સહિત એના તમામ હોદ્દેદારોએ એ વાત કદી ન વિસારવી જોઈએ કે એમના હોદ્દા કરતાં એમની ઉપર મુકાયેલા વિશ્વાસનું મૂલ્ય વધુ છે. એમની સાથે સંબંધમાં આવનારામાં ઘણાયે એમના કરતાં વધુ અનુભવી કે વધુ કાર્યક્ષમ હોઈ શકે છે. સો કરતાં વધુ વર્ષથી કાર્યરત સંસ્થામાં પ્રણાલિકાઓ સ્વાભાવિક રીતે પડે જ. કેટલીક પ્રણાલિકાઓ સંસ્થાઓને ટકાવી રાખવામાં મદદરૂપ થઈ શકે છે. પણ પ્રણાલિકાઓ સંસ્થાને જડ પણ બનાવી શકે છે. પ્રણાલિકાઓ નિર્માણ થતી રહેવી એ પોતે એક ગત્યાત્મક પ્રક્રિયા છે એમ સમજીને હોદ્દેદારોએ આ બાબત વિવેકયુક્ત વર્તણૂક રાખવી જોઈએ.

પરિષદના તમામ સભ્યોએ સમ્માન કે પારિતોષિકો કરતાં પારસ્પરિકતાને વધુ મહત્ત્વ આપવું પડશે. સાહિત્યકારની સાહિત્ય-સેવા જ એમના સ્થાનને ઊંચું ચડાવે છે, એમનું પદ કે એમને મળેલાં પારિતોષિકો નહીં. આજકાલ મહત્ત્વાકાંક્ષાને ગૌરવવંતો ગુણ માનવામાં આવે છે. જ્યારે વિનોબા જેવા અનાસક્ત માણસ એવું વિધાન કરી ગયા છે કે 'મહત્ત્વાકાંક્ષા એમને જ હોય, જેમનામાં મહત્ત્વ ન હોય !' આપણા સાહિત્યકારોના પરસ્પરના રાગદ્વેષ કરતાં જેટલે અંશે સાહિત્ય પ્રત્યેનો એમનો અનુરાગ ચડિયાતો થશે એટલે અંશે ગુર્જરી ગિરા ઊર્ધ્વારોહણ કરશે.

સમાજમાં પ્રચલિત દૂષણો, દાખલા તરીકે કોમવાદ, જાતિવાદ, લિંગવાદ, રંગદ્વેષ, ક્ષેત્રવાદ વગેરેની અસર જાણ્યે-અજાણ્યે સાહિત્યકારના માનસપટ પર ઓછેવત્તે અંશે પડતી હોય છે. સાહિત્યકાર માણસ માણસ વચ્ચે ભેદ ઊભા કરનારાં તત્ત્વોને જેટલે અંશે દૂષણો સમજીને પોતાના અંતરના ઊંડાણમાંથી વીણી વીણીને એ દૂષણોને દૂર કરવા પ્રયત્ન કરશે તેટલે અંશે ગુર્જરી ગિરા વિશ્વગુર્જરી બનવાની દિશામાં અચૂક પગલાં માંડશે.

ગીતાના બારમા અધ્યાયમાં અદ્વેષ મૈત્રી અને કરુણાના ત્રણ ગુણોને એકી શ્વાસમાં ગાવામાં આવ્યા છે. સાહિત્યકાર જેમ જેમ પોતાનાથી આગળ ગયેલા વિષે અદ્વેષ, બરાબરીના વિષે મૈત્રી અને પાછળ રહેલા વિષે કરુણાભાવ કેળવશે તેમ તેમ એનો એવો ગુણવિકાસ થશે કે જે એના સર્જનને પણ એટલું વિકસિત કરશે.

સાહિત્યકારે નવી નવી ક્ષિતિજો શોધતાં રહેવું પડશે. સ્વાધ્યાયનો પ્રમાદ એને કદી નહીં પોષાય. ભારતની અન્ય ભાષાઓ પણ આપણી ભાષાને સમૃદ્ધ બનવામાં સહાયક થઈ શકે છે એ હકીકત આપણે કદી ન વિસારીએ. વિશ્વના ઉત્તમ સાહિત્ય સાથે પણ આપણો સંબંધ તાજો રહે એના સર્વ ઉપાયો આપણે યોજવા પડશે.

ગિરા ગુર્જરીને વિશ્વગુર્જરી બનાવવાની દડમજલ લાંબી છે. પણ એની શરૂઆત આપણા પહેલા પગલાંથી થાય છે. અને એ કોઈ પણ રીતે આપણા ગજા બહારની વસ્તુ નથી.

લંડન

**– નારાયણ દેસાઈ**

## અશ્વ મારો સમાલો | ચંદ્રકાન્ત શેઠ

આવો આવો સમાલો, અશ્વ મારો સમાલો;
એને પૂરો પલોટી, નિજ પંથે જ વાળો;
એવું એને ખવાડો, એવું એને પિવાડો
જેથી થાક્યા વિના દે કામ એ રાત-દ્હાડો.

ઊઠેલા સૂર્ય સાથે અશ્વ ઊઠી ગયો છે;
એ તારા આંગણામાં આવી ઊભો રહ્યો છે.
પંપાળી હેતભાવે, શક્તિ ને સ્ફૂર્તિ આપી,
પ્રેરો જ્યાં કૃષ્ણ છે ત્યાં બંધનો સર્વ કાપી.

મા, એવું કૈં કરો કે કૃષ્ણ એને જ રાખે,
રોકે જે પાર્થને તે આડશો તોડી નાખે.
જે રીતે બાણ છૂટ્યું સોંસરું લક્ષ્ય ભેદે;
એ રીતે કૃષ્ણપ્રેર્યો અશ્વ સૌ જાડ્ય છેદે.

પાર્થમાં કૃષ્ણ છે જેમ, એમ છે પાર્થ કૃષ્ણમાં;
– એ ખ્યાલે અશ્વને રાખો જોતર્યો કુરુક્ષેત્રમાં.

૨૬-૭-૨૦૦૮

## મારી આજ ! | પ્રફુલ્લ રાવલ

૮-૮-૨૦૦૮

આ કયા વળાંક પર આવીને
ઊભી છે મારી આજ !
નથી ઊઘડતી
નથી ઊઘલતી.
સળ પર સળ પડી રહ્યા છે,
વળ પર વળ ચડી રહ્યા છે,
ખાંપાનો કોઈ પાર રહ્યો નથી;
નથી લઈ શકાતો ટાંકો,
નથી ભરી શકાતો બખિયો.
ઉઝરડાથી ફૂટ્યા છે એને ટશિયા
છતાંય નથી ખોડંગાતી,
નથી ખોટવાતી;
ભોંકાઈ રહ્યાં છે એને શૂળ
તોય છોડતી નથી એનાં મૂળ.

## કહેનારે સાચું કહ્યું | હરિકૃષ્ણ પાઠક

(દોહરા-સોરઠા)

ઝીણાં જેનાં ટાંકણાં ને ઝીણી જેની આંખ
પથ્થરમાંથી કોતરે પતંગિયાંની પાંખ.
(પણ) બોથડ જે હથિયાર ભાંગફોડ કરશે ભલી;
ખરો ઘાટ ઘડનાર (એને) હાથ ન સાહે કોઈ દી.
કઠણ ભલે હો કોચલું, પણ ભંડો જેનું નામ
પરપોટા સમ ફૂટશે, નહિ ઠરવા દે ઠામ.
પંડ પ્રમાણે વેતરે ને કાઢે સાચાં માપ
એના ફળશે શીળા તાપ (પણ) ફૂંફાડા નહિ ફાવશે.
પૂછે કોક સવાલ તો સમજો એની નેમ
કક્કો કેવળ આપણો – એ નહીં સાધશે ખેમ.
જૂઠ કદી સાચું નહીં, સાચ કદી નહિ જૂઠ;
પણ ઝાલી બેઠા ઠૂંઠ તો છોડ્યુંયે નહિ છૂટશે.
અવળું-સવળું ચાલવું ને કરવી ભળતી વાત,
પડે કોક દી વેઠવી (જે) વ્હોરી બેઠા ઘાત.
કડવું ઓસડ અંતમાં લાગે મીઠુંમધ
ખધા હોય ખુશામદી, એને હોય ન બીજી ગત.
ભાંડ-ભવાયા-નટ બધા હોય ઈ જ તો હોય,
વેશ ધરે કે પરહરે એને ઓળખતાં સહુ કોય,
દાવા-દુવી દબદબા લાંબું નભે ન કાંઈ
જેવી અર્થી ઊઠશે જાશે બધું વિલાઈ.
મનમાં મૂંઝારો ભર્યો એ પરગટ કરવા કાજ
દૃશ્ય એકે સૂઝી નહીં – આ હળવો કર્યો ઇલાજ.
કહેનારે સાચું કહ્યું કે દુહો દશમો વેદ,
કરે અડિંગો કાળજે, ને ભણતો ઊંડા ભેદ.

❒

# શબ્દસેવી અધ્યાપકનો સ્વાધ્યાય

રમેશ એમ. ત્રિવેદી




ડૉ. ચંદ્રકાન્ત શેઠ આધુનિક ગુજરાતી સાહિત્યના અગ્રણી સર્જક છે એવી એમની ઓળખ અધૂરી ગણાશે. તેઓ ખરા અર્થમાં 'કવિ-વિવેચક' છે. તેમની કારયિત્રી અને ભાવયિત્રી પ્રતિભા સાહિત્યપદાર્થના મૂલ્યાંકન વખતે હાથમાં હાથ મિલાવી સંગત કરતી જણાય છે. સર્જક, વિવેચક અને અધ્યાપક – એમ એમના વ્યક્તિત્વનાં મહત્ત્વનાં પાસાં છે અને એ ત્રણે ક્ષેત્રોમાં એમનું નરવું અને ગરવું સ્વરૂપ વિકસ્યું છે. સાહિત્ય દ્વારા શબ્દની સંનિષ્ઠાપૂર્વક અને સચ્ચાઈપૂર્વકની તેમની ઉપાસના અને કર્તવ્યપરાયણતા એ જ એક સારસ્વત તરીકે એમનો સ્વધર્મ બની રહ્યો છે. શબ્દનું – સાહિત્યના શબ્દનું નિરંતર સેવન એમના ગદ્ય અને પદ્ય ઉભયને ઉત્તરોત્તર સમૃદ્ધિ બક્ષતું રહ્યું છે. તેમણે શબ્દની સાધનાને આધ્યાત્મિકતાની ઊંચાઈ અર્પી છે, તે માટે તેમણે અક્ષુણ્ણ તપ આદરેલાં છે તેની પ્રતીતિ સતત થાય છે એ આનંદદાયક ઘટના છે. વિવેચ્ય વિષયને પહેલી જ નજરે માપી લઈ ચંદ્રકાન્ત શેઠ નખશિખ સમર્પિત અભ્યાસી બની જઈ, સાદ્યંત તપાસતાં જઈ, જરૂરી પ્રમાણો આપતાં જઈ આત્મપ્રતીતિપૂર્વક મૌલિક વિચારણા સ્થાપિત કરતા હોઈ એમાં સહૃદયતા અને સત્ત્વશીલતા પ્રવેશે છે એટલે એ તેજસ્વી અને સાહિત્યને ઉપકારક બની રહે છે. આ વાત, તાજેતરમાં એમણે 'ઉમાશંકરનો વાગ્વૈભવ' નામે ત્રણ ગ્રંથોમાં આપેલો સ્વાધ્યાયગ્રંથ જોતાં સ્પષ્ટ થાય છે.

'શીલભદ્ર સારસ્વત' અને 'સંસ્કૃતિ'-પુરુષ ઉમાશંકર જોશી ગાંધીયુગના અગ્રણી સર્જક રહ્યા છે. સાહિત્યનાં અનેક ક્ષેત્રોમાં તેમનો શબ્દ ધ્યાનાર્હ અને માનાર્હ બન્યો છે. તેઓ ઉત્તમ સર્જક, વિવેચક અને અધ્યાપક હતા. એમની સમગ્ર લેખનપ્રવૃત્તિના અભ્યાસી તરીકે ચંદ્રકાન્ત શેઠે જે મહાનિબંધનું કાર્ય ત્રણ દાયકા જેટલા દીર્ઘ સમય સુધી કર્યું તેનું સુફળ તે અધ્યયનગ્રંથના એ ત્રણ ખંડો છે. સ્વચ્છ, સુઘડ મુદ્રણ દ્વારા ગુજરાતી સાહિત્ય પરિષદ જેવી સાહિત્યસંસ્થાએ આ ગ્રંથનું પ્રકાશન કરીને અભ્યાસગ્રંથોના પ્રકાશનની અનુકરણ કરવા જેવી કેડી પાડી આપી છે તે માટે સ્વાધ્યાયી ચંદ્રકાન્ત શેઠ ઉપરાંત આ સાહિત્યસંસ્થા અને તેના દૃષ્ટિવંત સૂત્રધારો ધન્યવાદને પાત્ર છે. ઉમાશંકર જોશી ચંદ્રકાન્તના શિક્ષાગુરુ રહ્યા છે; એમની સમગ્ર લેખનપ્રવૃત્તિના ચંદ્રકાન્ત અભ્યાસી રહ્યા છે. મૂળ મહાનિબંધમાં સતત શોધન-વર્ધનનું કાર્ય આધારભૂત માહિતીને આધારે કરતાં રહી, તેને 'અપડેટ' કરતાં રહીને લખાણને અધિકૃતતા બક્ષી છે. વિવેચન-સંશોધનકાર્યનો, સ્વાધ્યાયકર્મનો એક આદર્શ તેમણે આપણી સમક્ષ મૂક્યો છે. ત્રણ ખંડ અને આશરે સાડા અગિયારસો પૃષ્ઠોમાં ગ્રંથસ્થ લખાણ હવે પછી ઉમાશંકરના સાહિત્યવિષયક અભ્યાસ કરનારને શ્રદ્ધેય સામગ્રી પૂરી પાડશે એમ કહેવામાં અત્યુક્તિદોષ નહીં ગણાય, એની ખાતરી છે. ઉમાશંકર જોશીએ 'અખો – એક અધ્યયન' નામે મધ્યકાલીન ગુજરાતી જ્ઞાનીકવિ વિશે સર્વગ્રાહી મૂલ્યાંકન કરતો ગ્રંથ આપ્યો છે તે વિવેચનક્ષેત્રે 'મજલથંભ' (માઈલસ્ટોન) બની રહ્યો છે, તેવું જ આ બૃહત અધ્યયનગ્રંથને જોતાં તરત સ્મરણમાં આવે છે.

ઉમાશંકર જોશીની શબ્દસાધના એમનું વિપુલ સાહિત્યખેડાણ જોતાં કોઈ પણ અભ્યાસીને અભ્યાસ કરવા આહ્વાન કરે એવું છે. તેઓ સર્વતોમુખી સર્જકપ્રતિભા ધરાવનારા હતા. કવિતા, ટૂંકી વાર્તા, નવલકથા, નાટક–એકાંકી, નિબંધ, ચરિત્ર, સંસ્મરણો, પ્રવાસ, વિવેચન, સંશોધન, અનુવાદ, સંપાદન – એમ સાહિત્યનાં લગભગ તમામ ક્ષેત્રોમાં તેમણે સત્ત્વવંતું સર્જન કર્યું છે. તેઓ ગુજરાતી ભાષામાં લેખનકાર્ય કરતા ભારતીય લેખક હતા. તેમનો લખાયેલો અને બોલાયેલો શબ્દ દેશ અને વિદેશનાં વિદ્વન્મંડળોમાં સમાદર પામેલો છે. એવા સાહિત્યમનીષીના સર્જનકર્મનો અભ્યાસ કરવો એ એક અર્થમાં તક છે તો બીજી રીતે જોતાં પડકાર પણ છે. અહીં એ વાતનો આનંદ છે કે એક યુગપુરુષના સાહિત્યના સ્વાધ્યાય માટે એવા જ એક અગ્રણી યુવાસર્જક, અધ્યાપક અને વિવેચકે કમર કસી છે અને તેમાં સંતોષજનક કામ થયાનો આપણને અહેસાસ પણ થાય છે.

પ્રસ્તુત પ્રકાશિત મહાનિબંધનો પ્રથમ ખંડ 'કાવ્યસર્જન' શીર્ષક હેઠળ ત્રણ પ્રકરણ અને ડેમી સાઇઝનાં સવાચારસો પૃષ્ઠોમાં 'ઉમાશંકરની પૂર્વવર્તી ગુજરાતની સાંસ્કૃતિક–સાહિત્યિક પરંપરા', 'ઉમાશંકરનું સર્જક-વ્યક્તિત્વ : વિકાસ અને વિશેષતા' તથા 'ઉમાશંકર જોશીનું કાવ્યસર્જન' એમ વિવેચ્ય સામગ્રી રૂપે નિરૂપાયું છે. પ્રકરણના આરંભે જ લેખક કહે છે : "કોઈ પણ સાહિત્યસર્જક કે વિવેચકનું આગમન આકસ્મિક હોતું નથી... સાહિત્યસર્જક યા વિવેચકની વૈયક્તિક ભૂમિકાનો એના સમષ્ટિગત સંદર્ભ પર પ્રભાવ પડતો હોય છે તો એના સમષ્ટિગત સંબંધ-સંદર્ભનો એની વૈયક્તિક ભૂમિકા પર પ્રભાવ પડતો હોય છે... તેથી સાહિત્યકારનો તેના સંસ્કારવારસાના સંદર્ભમાં વિચાર કરવો આવશ્યક જ નહિ, અ-નિવાર્ય બની રહે છે." આ મુદ્દાને સમજીએ તો મહાનિબંધના આરંભે જ ઉમાશંકરનો સર્જક-વિવેચક તરીકે પરિચય કરાવતાં લેખકે જે દેશકાળમાં, જે પરંપરામાં ઉમાશંકરનું સર્જન-વિવેચનકાર્ય ચાલ્યું છે તેની ભૂમિકા સ્પષ્ટ કરેલી જોઈ શકાશે. એ જરૂરી પણ હતું.

ગ્રંથના પ્રાસ્તાવિકમાં ડૉ. શેઠે સાચું જ કહ્યું છે : "મહાનિબંધનું કાર્ય અનેક રીતે કરવા જેવું કાર્ય છે. જે અભ્યાસ-શિસ્તની તાલીમ તે આપે છે એનો તો મહિમા જ અનેરો છે... મારા આ સમગ્ર નિબંધમાં મારો અભિગમ ઇતિમૂલક યથાર્થદર્શનનો જ રખાયો છે. ઉમાશંકરના સાહિત્યસર્જન તેમ જ વિવેચન વિશે જે અધ્ધરતાલ અભિપ્રાયોની – ઉછીના કે ઉભડક ખ્યાલોની ફેંકાફેંક કે ઝીંકાઝીંક થાય છે તેને આ મહાનિબંધ સંયત કરવામાં ઉપયોગી થઈ શકશે તો મને આનંદ થશે..." આવી ઊંડી સમજ અને શ્રદ્ધા સાથે લેખક મહાનિબંધનાં એક પછી એક પ્રકરણો વડે ચર્ચાની માંડણી કરે છે અને ફલશ્રુતિ પણ આપે છે; ઉ.ત., ઉપર્યુક્ત પ્રથમ પ્રકરણમાં જે તે સાહિત્યસર્જક તેની પૂર્વે રચાયેલી દેશકાળની પરિસ્થિતિજન્ય સામાજિક, સાહિત્યિક તેમ જ સાંસ્કૃતિક પરંપરાનું ફરજંદ છે તેની વાત કરતી વખતે અર્વાચીન સમયના દલપત-નર્મદ યુગને અનુલક્ષીને ચાલેલો સાંસ્કૃતિક સંઘર્ષ

અને ત્યાર પછી પંડિત યુગમાં યુનિવર્સિટી શિક્ષણ-પ્રેરિત સાંસ્કૃતિક સમન્વયની રચાયેલી ભૂમિકા સ્પષ્ટ કરે છે. ઉમાશંકર ગાંધી યુગનું સંતાન હતા. ગાંધીજીએ માનવીય પ્રતિષ્ઠાનું ગૌરવ કર્યું હતું. તેમણે ભારતના આત્માને ગાઢ રીતે પિછાણ્યો હતો, તો એ જ સમયે રવીન્દ્રનાથ ટાગોરે કલાજીવનના રસ્તે અને યોગી શ્રી અરવિંદે અધ્યાત્મજીવનના માર્ગે ભારતીય સંસ્કૃતિના આત્માને ઓળખ્યો હતો. એવા 'સમન્વય યુગ'માં જ્યારે ઉમાશંકર સાહિત્યની ક્ષિતિજ પર આવ્યા ત્યારે પ્રજાની આંદોલિત થઈ ઊઠેલી ચેતનાનો સાક્ષાત્કાર અનુભવાતો હતો. ભાષાની અભિવ્યક્તિક્ષમતા ખીલવવામાં પરોક્ષ રીતે પણ ગાંધીજીનો જે ફાળો હતો તેનો પ્રભાવ ઉમાશંકરના જીવનઘડતર પર પડ્યો હોય એ સ્વાભાવિક છે. પ્રથમ પ્રકરણનું આ ચિંતન-દોહન છે.

મહાનિબંધનું બીજું પ્રકરણ ઉમાશંકરના સર્જક વ્યક્તિત્વને ઉજાગર કરવાનું તાકે છે. જીવનરેખાની સમાંતરે ઉમાશંકરની સર્જનપ્રવૃત્તિની વાત કરતાં લેખકે ઉમાશંકરની છબિ 'હું ગુર્જર ભારતવાસી' – ગુજરાતી ભાષામાં લખતા ભારતીય સાહિત્યકારની છે, એમ ઉચિત રીતે જ કહ્યું છે. મૂર્ધન્ય કવિ નિરંજન ભગતે ઉમાશંકર જોશીને 'તેજસ્વી, તપસ્વી, શીલભદ્ર સારસ્વત' તરીકે ઓળખાવ્યા છે. ઉમાશંકરની સતત મથામણ 'એક-કેન્દ્ર' બની રહેવાની અને સર્વમાં ફેલાઈ જઈને 'સ્વ-રૂપ' સિદ્ધ કરવાની હતી; શબ્દના માધ્યમ દ્વારા બે હૃદયોને જોડનારા 'સેતુ' બની રહેવાની હતી. 'સૌમ્યાશયી સજ્જન' તરીકે ઓળખાવીને ઉમાશંકરના સમકાલીન કવિ-વિવેચક મનસુખલાલ ઝવેરી કહે છે : ''ઉમાશંકર માત્ર મૂર્ધન્ય સાહિત્યકાર જ નથી; એક જીવંત સંસ્થા પણ છે.'' સૌન્દર્યનું પાન કરતાં કરતાં આયુષ્યભર હૃદયઝરણું પ્રવહમાન રહે તો જ, સૌન્દર્યનિષ્ઠ ઉન્નત જીવનની દીક્ષા મળી હોય તો જ કવિ અધિકારપૂર્વક (છેલ્લો શબ્દ મૌનને કહેવાનો થાય તે પહેલાં) કહી શકે કે 'નામ મારું ભાષામાં ઓગળી ગયું છે.' આ પ્રકરણમાં ઉમાશંકરનાં આત્મકથનોને ચીવટપૂર્વક સાંકળી લઈને લેખકે ઉમાશંકરના વ્યક્તિત્વની અંતર્-બહિર છબિ આલેખવામાં સફળતા પ્રાપ્ત કરી છે.

મહાનિબંધનું ત્રીજું પ્રકરણ આપણા આ લેખક–અગ્રણી આધુનિક કવિ દ્વારા કવિ ઉમાશંકરના કાવ્યસર્જનના અભ્યાસપૂર્ણ સ્વાધ્યાયનું ઉદાહરણ બને છે. બંને સત્યવંત, સત્ત્વવંત સાહિત્યિક શબ્દના ઉપાસક છે. તેમનો શબ્દ એ સમગ્ર સંસ્કૃતિનો પ્રતિનિધિ બન્યો છે. પોતપોતાના યુગના બંને અગ્રણી કવિતાસર્જકો છે. પ્રશિષ્ટતા અને પ્રયોગશીલતાની બાબતમાં પૂરતા સજાગ છે. તેથી અહીં એક પેઢીના કવિ – પૂર્વસૂરિને નૂતન પેઢીનો કવિ વિભિન્ન પરિબળોને સમજી, પચાવી, કસીને જીવન, જગત અને સાહિત્ય સાથે સંકળાયેલા શબ્દને ઊંડાણથી તપાસી એ શબ્દની ઊંચાઈ પણ માપે છે ! એમ કરવામાં બંને પક્ષે અનોખો મુકાબલો રચાય છે. ઉમાશંકરના કવિતાસર્જનની તપાસ એટલે 'વિશ્વશાંતિ' (૧૯૩૧)થી 'સપ્તપદી' (૧૯૮૧) સુધીના કાવ્યસંગ્રહોની – 'સમગ્ર કવિતા'ની તપાસ. 'મંગલ શબ્દ'થી 'મૌનના શબ્દ' સુધી વિસ્તરેલી, 'ઉદ્‌બોધનથી લઈ સ્વગતોક્તિ' સુધી વિસ્તરેલી કાવ્યયાત્રા કેવળ આનંદયાત્રા જ નહિ; એ સંસ્કારયાત્રા પ્રજાજીવનની ચેતનાના પ્રતિનિધિ સમી બની રહે છે. તેને તપાસવા તથા અભ્યાસીઓની વર્તમાન તેમ જ ભાવિ પેઢી માટે માર્ગદર્શક રેખા દોરી આપવા સુધીનું કામ ચંદ્રકાન્ત શેઠે પૂરતા પરિશ્રમથી અને અંત:પ્રતીતિપૂર્વક કર્યું છે. ''માનવી, પ્રકૃતિ સૌને 'વસુધૈવ કુટુંબકમ્' '' ગાનાર કવિને 'આત્માનાં ખંડેર'ની પણ અનુભૂતિ થાય છે. 'સૌંદર્યો પી' એવું શ્રદ્ધા સાથે ઉચ્ચારનારને આ કવિને 'શતખંડ ત્રુટિત વ્યક્તિત્વ'ની છિન્નભિન્નતામાં મનુષ્ય-હ્રાસનો સાક્ષાત્કાર (!) થાય છે અને ત્યારે 'શબ્દ છે ! છે છંદ પણ ! ક્યાં છે તો કવિતા ?' – એની શોધમાં રત આ યુગદ્રષ્ટા કવિનો અભ્યાસ સતત સાવધાની, એકાગ્રતા અને દક્ષતા માગી લે છે. એ સ્થિતિ સુધી પહોંચવામાં – ઉમાશંકરની કવિતાનું યથાર્થ દર્શન કરાવવા માટેના અભ્યાસમાં ચંદ્રકાન્ત સફળ રહ્યા છે.

કેટલા બધા કાવ્યપ્રકારો, વિવિધ વિષયો નિમિત્તે અનુભૂત અભિવ્યક્તિની મુદ્રા ઉપસાવે છે એ જોતાં, ખુદ ઉમાશંકરે કવિતાને 'આત્માની માતૃભાષા', 'ચિરંતન જ્યોતિસ્થંભ' વગેરે રૂપે ઓળખાવી છે. અમૃતમય એ તત્ત્વ મૌનના કિનારે પહોંચી જતી ચૈતન્યસાગરની વિરાટ લીલા રૂપે વર્ણવાયું છે. આયુષ્યપર્યંત કાવ્ય'સત્ર' રચ્યા કરીને કવિધર્મ બજાવતાં બજાવતાં શબ્દના માધ્યમ થકી સેતુબંધ (હૃદયસંવાદ) રચી આપતી ઉમાશંકરની અંતર્-બહિર્ જીવનસાધનાને ભાવકો સમક્ષ ખોલી આપવાનો અહીં લેખક દ્વારા પુરુષાર્થ થયેલો જોઈ શકાય છે. તે એમના મહાનિબંધનું – કાવ્યપુરુષ ઉમાશંકર વિશેનું ઉત્તમ વિવેચન–નવનીત બને છે. ઉમાશંકરની ઊર્મિકવિતા અને નાટ્યકવિતાના અભ્યાસ માટે લેખકે અલગ પાન ફાળવ્યાં છે. 'પ્રાચીના' અને 'મહાપ્રસ્થાન'ને નજર સમક્ષ રાખી, 'વિશ્વશાંતિ'ના આરંભને ('ત્યાં દૂરથી...') યાદ કરી 'ઉમાશંકરનો શબ્દ પ્રકૃતિએ જ નાટ્યાત્મક કવિતા યા કાવ્યનાટક માટે વધુ અનુકૂળ હોવાનું લાગે' એવું એમનું તારણ સાચી દિશાનું સમજાય છે. આ પદ્યનાટકના સ્વરૂપ નિમિત્તે, એ સ્વરૂપના જુદા જુદા અભ્યાસીઓ દ્વારા થયેલાં નામકરણોની ચર્ચા, 'કર્ણ-કૃષ્ણ'થી લઈ 'યુધિષ્ઠિર' અને 'મંથરા' પદ્યનાટકોમાં કવિની શબ્દસિદ્ધિની ચર્ચા, છંદ:સિદ્ધિની ચર્ચા તથા એલિયટકથિત 'કવિતાના ત્રણ સૂર'ના સંદર્ભમાં સર્જક તરીકે ઉમાશંકરની મહત્ત્વાકાંક્ષી પુરુષાર્થસભર નાટ્યસિદ્ધિ 'પદ્યમાં ગણનાપાત્ર કક્ષા સુધી પહોંચી જણાશે' એવું લેખકનું અવલોકન યથાર્થ નીવડે છે.

ઉમાશંકર જોશીના સમગ્ર સ્વાધ્યાયરૂપ આ મહાનિબંધના બીજા ખંડમાં ઉમાશંકરનાં સર્જનાત્મક અને ચિંતનાત્મક ગદ્યસ્વરૂપો – એકાંકી, ટૂંકી વાર્તા, નવલકથા, નિબંધ, ચરિત્ર, પ્રવાસ – ના સાહિત્યની લગભગ ચારસો પૃષ્ઠોમાં ચર્ચાવિચારણા થઈ છે. સત્યાગ્રહ આંદોલનમાં ભાગ લેવા બદલ વીસાપુર જેલમાં કારાવાસ મળ્યો તે અરસામાં – ૧૯૩૦ના અરસામાં ઉમાશંકરે 'સાપના ભારા'નાં એકાંકીઓ રચ્યાં. આ એકાંકીઓમાં વિષયવસ્તુની પસંદગી, ગ્રામપરિવેશની સાથે સાથે બોલાતી વાણીના કાકુઓથી રસાયેલી ભાષાએ તેમને નાટ્યસર્જક તરીકે પ્રતિષ્ઠિત કર્યા. 'સાપના ભારા', 'બારણે ટકોરા' એકાંકીઓ તો સમાજના વાસ્તવદર્શનના ઉત્કૃષ્ટ નમૂનાઓ બની રહ્યાં. નાટ્યોચિત વસ્તુપસંદગી, અનુભૂત ગ્રામપરિવેશ-પાત્રો-સંવાદોનું જે સંકલન થયું એમાં કલાત્મક અંત સુધી પહોંચાડવામાં ઉમાશંકરનું કૌશલ ગુજરાતી એકાંકીસાહિત્યમાં મૂલ્યવાન બન્યું. ગુજરાતી વાર્તાકલાના વિકાસની વાત કરતાં ઉમાશંકરની 'ગુજરીની ગોદડી', 'મારી ચંપાનો વર', 'શ્રાવણી મેળો', 'ઝાકળિયું', 'લોહીતરસ્યો', 'છેલ્લું છાણું' વગેરે વાર્તાઓ તથા એ સર્જન પાછળની પ્રયોગશીલતા અભ્યાસીઓનો હમેશનો વિષય બની છે. ૧૯૩૯માં 'પારકાં જણ્યાં' નામની

એક સામાજિક નવલકથા આપીને વ્યક્તિજીવન – ગૃહ, સમાજજીવનમાં અસૂયા, અકારણ ક્રૂરતા દ્વારા સ્વજનો પણ કેવો નિર્મમ અને કઠોર વર્તાવ કરી બેસે છે એવા વસ્તુની આસપાસ ગૂંથાતી ત્રણ પેઢીની વાત માંડી છે. આ નવલકથા સાહિત્યસર્જક જયંતિ દલાલના 'આદેશ'થી 'ગતિ' સામયિક માટે ઉમાશંકરે લખી હતી. આધુનિક ગુજરાતી નવલકથાનો આરંભ 'પારકાં જણ્યાં' અને જયંતિ દલાલ કૃત 'ધીમુ અને વિભા'થી થયો એવો વિવેચક અનંતરાય રાવળનો અભિપ્રાય છે. ભલે એ ઉત્તમ કૃતિ નહોતી, તો સાવ 'નિષ્ફળ' કૃતિ તો એ નથી જ. 'જીવનમાં કરુણતા અને મંગલતા તાણાવાણાની જેમ વણાયેલાં છે એની પ્રતીતિ' આ નવલકથા કરાવવામાં સફળતા પામી છે.

'ગોષ્ઠી' અને 'ઉઘાડી બારી'ના લલિત નિબંધોનું ગદ્ય માણવા જેવું છે. 'સંસ્કૃતિ' સામયિકના વાચકો સાથેની સીધી ગોઠડી–ગોષ્ઠી-ના હેતુથી એ લખાયા હોઈ એમાં સર્જનાત્મકતાનો સ્પર્શ અનુભવાય છે. એ નિબંધોમાં આત્મીયતાનું તત્ત્વ તરત નજરે પડે છે. આ નિબંધોનું સ્વરૂપગત માળખું (format) લચીલું છે, નમનીય છે અને તેથી કમનીય રહ્યું છે. 'શિવસંકલ્પ'ના નિબંધો 'સંસ્કૃતિ'પુરુષ ઉમાશંકરનો પરિચય કરાવે છે, કેળવણીના મુદ્દાની આસપાસ વ્યાપક અર્થમાં સમજ સાથે તેમણે જે 'ડાયલૉગ' રચ્યો છે તે જોતાં તેમના જ શબ્દોમાં કહીએ તો 'ચેતનની ખેતી' કરનારા અને 'ગુજરાતનો સ્વનિયુક્ત ફરતો શિક્ષક' એવું અધિકારપૂર્વક કહી શકે તેવા, ઉમાશંકર સંસ્કૃતિપુરુષ છે.

ચરિત્રસાહિત્ય પ્રકરણમાં સાત પુસ્તકો છે : 'મસ્ત બાલ : કવિજીવન', 'ગાંધીકથા', 'સૌના સાથી, સૌના દોસ્ત', 'હૃદયમાં પડેલી છબીઓ' ખંડ-૧ અને ૨, 'ઇસામુ શિદા અને અન્ય', '' '૩૧માં ડોકિયું'' તથા 'થોડુંક અંગત'. આ પુસ્તકોમાં સાહિત્યકારો, કલાકારો, લોકસેવકો, કેળવણીકારો, ગાંધીચિંતકો, સંતો, વિજ્ઞાનીઓ, રાજપુરુષો વગેરેનો ઉમાશંકરે ભલે અછડતો પણ નજીકથી લીધેલો 'ક્લોઝ અપ' છે. ગાંધીજીના ચરિત્રાલેખનનો પ્રયાસ ઉત્તમ રહ્યો છે. છેલ્લાં બે પુસ્તકોમાં અંગત સંસ્મરણો કથન પામ્યાં છે. એ બધાંમાં સર્જકનો 'શીલસુવાસિત સૌન્દર્યના મરમી' તરીકેનો સુભગ પરિચય મળે છે. 'પ્રવાસ એ એક પ્રકારની આંતરયાત્રા પણ છે. વ્યક્તિજીવનની, સમાજજીવનની, રાષ્ટ્રજીવનની એક ભીતરી સફર એ બની રહે છે' એમ 'ઈશાન ભારત અને અંદામાનમાં ટહુકતા મોર' નામના પ્રવાસ-પુસ્તકમાંની કેફિયત ઉમાશંકરનું ધ્યાન ખેંચે છે. શું ચીન કે શું અંદામાન કે શું યુરોપની યાત્રા – એ સર્વમાં કવિહૈયું ધબકે છે. નાનપણમાં ભોમિયા વિના ડુંગરા ભમવાની મનીષા રાખનાર, સતત 'પ્રવાસી' કાકાસાહેબના ચાહક, 'માઈલોના માઈલો'ની ચરણ અને ચિત્તની યાત્રા કરનાર ઉમાશંકરની દેશ તેમ જ વિદેશની યાત્રાના અનુભવો વાચકો માટે તો ખજાનો ખૂલી ગયા જેવા છે. છેક કિશોરવયે ઉમાશંકરે આબુ પર્વતની યાત્રા પગે ચાલીને કરેલી અને એ અરવલ્લીના ડુંગરાઓમાંથી જ સૌન્દર્યપાનની દીક્ષા તેમને મળેલી, જે ઝરણું એમના અંતરમાં ગાન રૂપે અનુભવાયું ને પછીથી શબ્દના માધ્યમ થકી વિવિધ રૂપે વિસ્તરતું – વિકસતું રહ્યું અને અનુભવના મહાસાગરમાં ભળી ગયું. તેણે જ ઉમાશંકરને ઊંચી કોટિના સારસ્વત તરીકે પ્રતિષ્ઠા અર્પી. ગુજરાતી ભાષાના પ્રવાસસાહિત્યમાં ઉમાશંકરનું સ્થાન ઉલ્લેખનીય રહેવા નિર્માયું છે. ચંદ્રકાન્ત શેઠે આ સર્જનાત્મક સાહિત્યની ચર્ચાવિચારણા 'આસ્વાદમૂલક અવબોધકથા' રૂપે કરવા-કરાવવાનો પ્રયાસ છે એમ કહી એ લખાણ 'ઉમાશંકરના શબ્દ સાથે વાચકોનો હૃદયસેતુ રચી આપવામાં ઉપયોગી' થવાની આશા પણ વ્યક્ત કરી છે.

મહાનિબંધનો ત્રીજો ખંડ ઉમાશંકરના વિવેચનકર્મને લક્ષ્ય કરે છે. લગભગ સવાત્રણસો પૃષ્ઠોમાં છેલ્લાં સો પૃષ્ઠ તો 'ઉમાશંકર જોશી : જીવનક્રમિકા' તથા 'ઉમાશંકર જોશી : વાઙ્મય સૂચિ' અંતર્ગત (૧) ઉમાશંકર જોશીનું સાહિત્ય તથા (૨) ઉમાશંકર જોશી : કર્તાવિષયક વિવેચનગ્રંથો-લેખોની સૂચિ માટે રોકાયાં છે. મહાનિબંધલેખનની શિસ્તના ભાગ રૂપે પ્રત્યેક પ્રકરણમાં સંદર્ભનોંધ પાદટીપ રૂપે એકસાથે પ્રકરણાંતે આપી છે ત્યારપછી પણ અભ્યાસીઓને મદદરૂપ થાય એવી આ અનિવાર્ય અને મૂલ્યવાન જાણકારી ધરાવતી સામગ્રી ગણાય. માટે તે આવકાર્ય છે. એમાં સ્પષ્ટતા, ચોકસાઈ વગેરે પૂરતા પ્રમાણમાં છે જેથી એ સામગ્રી પણ શ્રદ્ધેય બની છે. આપણે આ ખંડમાં ઉમાશંકરના વિવેચનસાહિત્ય વિશે ચંદ્રકાન્ત શેઠના પુરુષાર્થને જોઈશું. આ ખંડમાં આશરે બસો પાન ઉમાશંકરના વિવેચનવિચારને, એમના વિવેચનાત્મક અભિગમને ડૉ. શેઠે બધાં પાસાંઓથી તપાસી વિશદ ચર્ચા-છણાવટ દ્વારા રજૂ કરવા પ્રયાસ કર્યો છે. પ્રકરણનું આરંભમાં આવતું વિધાન ધ્યાન ખેંચે છે. કહે છે : 'ગુજરાતી સાહિત્યવિવેચનનો ઇતિહાસ અર્વાચીનકાળનો ઇતિહાસ છે.' ઉમાશંકરની કારયિત્રી પ્રતિભાનો સુપેરે પરિચય કરાવ્યા પછી એમની ભાવયિત્રી પ્રતિભાની સક્રિયતા અને વિકાસશીલતાને તપાસવાનું ડૉ. શેઠે વિચાર્યું છે.

ઉમાશંકર જોશીએ ચૌદ ગુજરાતી અને ત્રણ અંગ્રેજી વિવેચનસંચયો આપ્યા છે. 'અખો – એક અધ્યયન' (૧૯૪૧) ઉમાશંકરની વિવેચન-સંશોધનની પ્રવૃત્તિનું કદાચ 'ગંગોત્રી અને / અથવા ગૌરીશંકર શિખર બંને છે. જોકે, 'કવિતા અને તત્ત્વજ્ઞાન' એમનો પહેલો વિવેચનલેખ ૧૯૩૪માં પ્રગટ થયેલો. છેક ૧૯૪૮માં 'સમસંવેદન' પ્રથમ વિવેચનસંગ્રહ પ્રકાશિત થયો જેમાં રણજિતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો તે નિમિત્તે આપેલું એ જ શીર્ષકવાળું વ્યાખ્યાન પણ એમાં છે. ત્યારબાદ 'અભિરુચિ' (૧૯૫૯), 'શૈલી અને સ્વરૂપ' તથા 'નિરીક્ષા' (૧૯૬૦), 'કવિની સાધના' (૧૯૬૧), 'શ્રી અને સૌરભ' (૧૯૬૩), 'પ્રતિશબ્દ' (૧૯૬૭), 'કવિની શ્રદ્ધા' (૧૯૭૨), 'શબ્દની શક્તિ' (૧૯૮૨) તથા મરણોત્તર પ્રગટ થયેલા વિવેચનસંગ્રહો 'કવિતાવિવેક' અને 'કાવ્યાનુશીલન' (૧૯૯૭) વગેરે મુખ્ય છે. કવિ અને નાટ્યલેખક ઉમાશંકર જોશીનું સાહિત્યકાર તરીકેનું ત્રીજું પ્રતિભાનેત્ર છે વિવેચન. ઉમાશંકર જેટલા કવિ છે એટલા જ વિવેચક તરીકે પણ ઉત્તમ છે. તેજસ્વી અધ્યાપક અને ઉત્કૃષ્ટ સર્જક હોવા ઉપરાંત સંસ્કૃત સાહિત્ય તથા પાશ્ચાત્ય સાહિત્યનાં મીમાંસા-પરિશીલનથી તેમનો કોશ સભર છે. ઉમાશંકરનું વિવેચનકાર્ય લગભગ તેમના સર્જનની સમાંતરે ચાલતું રહેલું જોઈ શકાશે. કોઈ વિવેચક સર્જક પણ હોય તો એની સર્જકતા એની વિવેચનપ્રવૃત્તિમાં કેવી તો ઉપકારક બની રહે ને સુન્દરમ્ અને ઉમાશંકરની વિવેચનાઓ જોતાં સમજાશે. ઉમાશંકર પ્રત્યક્ષ વિવેચનાનો મહિમા કરે છે. તેઓ માને છે કે 'સીધી સાહિત્યતત્ત્વ અંગેની વિચારણા ન આપવા છતાં માણસ ઉત્તમ વિવેચક હોઈ શકે.' ('કવિની સાધના'). તેઓ એમ પણ કહે છે : ''સાહિત્યતત્ત્વ (કે કલાતત્ત્વ aesthetics)ની વિચારણા આપનારને – ઉત્તમ તત્ત્વવિદને – માટે પણ સામાન્ય રીતે 'વિવેચક' શબ્દ યોજાતો નથી. પ્રત્યક્ષ સાહિત્યવિવેચન અને સાહિત્યતત્ત્વવિચાર આપનાર સવ્યસાચી વિવેચકો અંગે પણ

વિવેચક તરીકેનું અંતિમ મૂલ્યાંકન મુખ્યત્વે એના વિવેચનકાર્ય ઉપરથી કરવું જોઈએ અને તેમાં એમની સાહિત્યતત્ત્વચર્ચા એમના પ્રત્યક્ષ સાહિત્યવિવેચનને કેટલે અંશે ઉપકારક નીવડી છે તે અંગેની તપાસનો સમાવેશ કરવો જોઈએ.'' ('કવિની સાધના'). તેમણે એમ પણ કહ્યું છે કે 'સાચો વિવેચક એ અતન્દ્ર સૌન્દર્યદર્શી છે.' ('શૈલી અને સ્વરૂપ'). 'કવિતાવિવેક' વિવેચનસંગ્રહમાં તેમણે કહ્યું છે કે ''સમકાલીન કવિતાનું વિવેચન એ વિવેચકની એક વસમી કસોટી છે.''

ચંદ્રકાન્ત શેઠ ઉમાશંકરની વિવેચનપ્રતિભાના સંદર્ભે કહે છે કે, ''આનંદશંકરના અને રામનારાયણના વિવેચનમાં જે બુદ્ધિનિષ્ઠા, તત્ત્વાનુસંધાન, સમન્વયલક્ષિતા, અભિપ્રાયની સમતુલા ને સ્પષ્ટતા તથા ગદ્ય-પ્રભુતા જેવા ગુણો જોવા મળે છે તે ઉમાશંકરની વિવેચનામાં પણ દૃષ્ટિગોચર થાય છે.'' ઉમાશંકર તેમના સર્જનની જેમ વિવેચનમાં પણ ભાષાસ્વામી તરીકે પ્રગટ થયા હોય એમ એમના ગદ્યને તપાસનારને અનુભવ થવાનો, અનંતરાય રાવળે 'સમસંવેદન' તથા 'શ્રી અને સૌરભ' વિવેચનગ્રંથો વિશે 'સમાલોચના'માં કહ્યું છે કે ''ઘણી વાર લેખકને બોલતા સાંભળતા હોઈએ એવું લાગે છે.''; ''શ્રી ઉમાશંકર જેવા રસમર્મજ્ઞ કવિપંડિતની સંગાથે બેસી તેમનું ચાલુ ભાષ્ય જાણે સાંભળતાં સાંભળતાં જોતા-આસ્વાદતા હોઈએ એવો એના ('શ્રી અને સૌરભ'ના) વાચનવેળા અનુભવ થાય છે.'' ઉમાશંકરની શુદ્ધ શબ્દપ્રીતિ જ કદાચ તેમના વિવેચનકર્મને ચોક્કસ, સ્પષ્ટ અને ઉદાત્ત બનાવે છે. એમની અભિવ્યક્તિમાં સરળતા, સહજ અલંકરણ, સુંદર શબ્દપ્રયોગો, તળપદા શબ્દો અને રૂઢિપ્રયોગો, વાક્યલઢણો વગેરે એમને ગદ્યકારોમાં અગ્રિમ સ્થાનના અધિકારી તરીકે સ્થાપે છે. આ બધા વિશે ડૉ. શેઠે ભારે શ્રમપૂર્વક ઉમાશંકરના વિવિધ વિવેચનગ્રંથોમાંથી ઉદાહરણો આપીને ઉચિત વિચારણા કરી છે.

'ઉપસંહાર' પ્રકરણ આ મહાનિબંધના અભ્યાસનું અંતિમ પ્રકરણ છે. તેમાં 'પ્રધાનપણે એમની સાહિત્યિક સિદ્ધિઓની ઇયત્તા તારવી આપવાનો' તેમનો ઉપક્રમ જોઈ શકાય છે. કેટલાંક અવલોકનો જોઈએ. 'ઉમાશંકરની કવિતા ગાંધીયુગીન સત્ત્વનો પ્રભાવ તો દાખવે છે તે સાથે ગુજરાતી કવિતાની ઉત્ક્રાન્તિયે દાખવે છે.' 'ગુજરાતી નાટ્યાત્મક ઊર્મિકવિતામાં ઉમાશંકરની સિદ્ધિ મહત્ત્વની છે. કવિતામાં નાટ્યતત્ત્વ સિદ્ધ કરવાની એમની મથામણ રસપૂર્ણ છે.' 'ઉમાશંકર સૉનેટથી – આત્મલક્ષી કાવ્યપ્રકારથી આરંભી પદ્યનાટક સુધી – પરલક્ષી કાવ્યપ્રકાર સુધી વિસ્તર્યા, તો ગદ્યમાં તેઓ નિબંધિકા – આત્મલક્ષી કાવ્યપ્રકારથી આરંભી એકાંકી – પરલક્ષી કાવ્યપ્રકાર સુધી વિસ્તર્યા.' 'ગુજરાતના દસ લલિત નિબંધકારોની યાદી કરવામાં આવે તો તેમાં ઉમાશંકર અવશ્ય સ્થાન પામે એવી એમની કામગીરી છે.' 'ઉમાશંકરના દેશકાળસાપેક્ષ સંસ્કારજીવનનો – સાંસ્કૃતિક ઉપલબ્ધિઓનો એક ઇતિહાસ પણ એ છબીઓમાંથી વાંચી શકાય.' 'તેમનું અનુવાદકાર્ય એમની શબ્દપ્રીતિનું દ્યોતક છે... ઉમાશંકરના કાલિદાસકૃત 'શાકુંતલ' તેમ જ ભવભૂતિકૃત 'ઉત્તરરામચરિત'ના અનુવાદો ગુજરાતીમાં તે તે કૃતિઓના સર્વોપરી અનુવાદો તરીકે પંકાયા છે.' 'ઉમાશંકરની ભાવનોપાસના સર્જનોપકારકતાના ખ્યાલે જ ચાલી જણાય છે. એમનાં વિવેચનો આસ્વાદમૂલક અવબોધકથાઓ તરીકે જોવાય એ એમને ઇષ્ટ છે.' ''આપણે ઉમાશંકરના 'શ્રી અને સૌરભ'નો રવીન્દ્રનાથના 'પ્રાચીન સાહિત્ય'ની તુલનામાં અભ્યાસ કરી શકીએ.'' ''પોતાનો શબ્દ – પોતાની કૃતિનો શબ્દ એ 'સંસ્કૃતિનો શબ્દ' હોય – થાય એ માટેની સજાગતા – સભાનતા ઉમાશંકરને અવારનવાર 'પીડતી'યે હતી; આમ છતાં સરવાળે એમનો શબ્દ કલાદૃષ્ટિએ પણ આકર્ષક અને ગૌરવાન્વિત રહી શક્યો એ મોટી બાબત છે.'' 'તેઓ જેમ શબ્દને ઘડતા ગયા તેમ તેમ શબ્દે એમનું પણ ઘડતર કર્યું. શબ્દનો સ્વાદ જે નાનપણથી વળગ્યો એ સ્વાદ જ મોટપણે એક બહુમુખી પ્રતિભાવાળા સાહિત્યસર્જક તરીકે એમને પ્રતિષ્ઠિત કરવામાં મૂળભૂત કારણ બન્યો.' વગેરે.

મહાનિબંધના ફ્લૅપ ઉપરના લખાણમાં રઘુવીર ચૌધરીએ યથાર્થ નોંધ્યું છે કે 'અભ્યાસના વિષયને સાદ્યંત તપાસ્યા પછી એને વિશે નિઃશેષ કથન કરવું એ ચંદ્રકાન્તની વિવેચનાની ખાસિયત છે.' એ અભિપ્રાયમાં આપણે અવશ્ય સૂર પુરાવી શકીએ. એક ઉત્કૃષ્ટ કવિ, ઉત્કૃષ્ટ ગદ્યસર્જક અને સમર્થ ભાષાસ્વામી ઉમાશંકરે શબ્દને તેના સમ્યક્ રૂપમાં – અર્થમાં સેવ્યો છે. એ શબ્દ પછી એમને કેટકેટલે સ્થળે લઈ ગયો અને શબ્દબ્રહ્મની ઉપાસનાએ એમને કેવાક તો સત્ય, શીલ અને સૌન્દર્યના ચાહક બનાવ્યા એ બાબત ઘણી વિગતથી, ખંત અને ધીરજથી અને પૂરી અસરકારક રીતે ડૉ. શેઠે ઉમાશંકરના સમગ્ર સર્જનકર્મને ઊંડાણથી તપાસવામાં સજ્જતા દાખવી છે. આચાર્ય હેમચંદ્રથી શરૂ થયેલી સારસ્વતપરંપરામાં આચાર્ય આનંદશંકર અને રામનારાયણ પાઠકની જોડાજોડ એમનું આસન છે, એ વાત પુનરુક્તિનો દોષ વહોરીને બેવડાવું છું. ઉમાશંકર ગુજરાતી સાહિત્યના ઇતિહાસનું સદા પ્રકાશિત ઝળહળતું તેજસ્વી નક્ષત્ર છે. એવા ઉમાશંકરનાં સાહિત્યકાર તરીકેનાં પાસાંઓનો સર્વાંગી અભ્યાસ કરનાર આધુનિક વિવેચકપેઢીમાં ડૉ. ચંદ્રકાન્ત શેઠ પણ આ મહાનિબંધ મારફતે સતત ધ્યાનમાં લેવા પડે તેવા અભ્યાસી બન્યા છે અને તેથી ગુજરાત વિદ્યાપીઠે એમને આપેલી 'વિદ્યાવાચસ્પતિ' (ડૉક્ટરેટ)ની પદવી ખરા અર્થમાં સાર્થક થઈ છે.

❐

# સમીક્ષા/ગ્રંથાવલોકન

## 'પુનશ્ચ'માં વિલંબિત તર્કગ્રથિત કાવ્યસર્જન | રાધેશ્યામ શર્મા

[**પુનશ્ચ :** લેખક : નિરંજન ભગત, પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧, ૧લી આવૃત્તિ ૨૦૦૭, પૃ. ૬૪, કિં. : રૂ. ૪૫/-]




કવિ શ્રી નિરંજન ભગતની કવિતાકળાનો આલેખ ૧૯૪૯થી ૧૯૫૯ સુધી 'છંદોલય', 'કિન્નરી', 'અલ્પવિરામ', '૩૩ કાવ્યો'માં ઊંચો જતો જોયો છે. ૧૯૭૩માં 'છંદોલય' કાવ્યસંચય બીજી વાર પ્રકટ થયો ત્યારે 'સમગ્ર કવિતા'ના સ્વરૂપે ઝળકેલો. ૧૯૫૮ પછી ત્રણ કાવ્યોના અપવાદ સિવાય આશરે ચાર દસકાનો કાળ ('વેસ્ટ લૅન્ડ' સમો ?) શુષ્ક સમય વીત્યો. નિરંજન, રાજશેખરે કહેલ એવા 'હૃદયકવિ' બની રહ્યા. સર્જનમાં મૌન સેવન દીર્ઘકાલીન રહ્યું પણ તે કાષ્ઠમૌન નહોતું. આંતરિક સર્જનપ્રક્રિયા મૌન સમયે પણ મુખર હતી.

હવે તેઓ ૬૦ કાવ્યકૃતિઓ સાથે ૪૦ જેટલાં વરસે 'પુનશ્ચ' લઈ આવે છે ત્યારે પેલી પ્રસિદ્ધ કથાત્મક ઉક્તિ સાંભરે. બાર વર્ષે બાવા બોલ્યા, તો શું બોલ્યા ? 'બચ્ચા, કાલ પડેગા !' 'પુનશ્ચ'માં કાવ્યસર્જનનો સુકાળ છે કે દુષ્કાળ ?

કેફિયત જેવા નિવેદનમાં કવિએ જ નિષ્કર્ષ-નિદાન અર્પવાનું માથે લીધું છે :

''આમ, 'પુનશ્ચ'માં શૈલીસ્વરૂપ અને વસ્તુવિષય બન્નેના સંદર્ભમાં મારા પૂર્વેના સૌ કાવ્યસંગ્રહોમાં જે કાવ્યો છે તથા ગુજરાતી ભાષામાં અર્વાચીન યુગમાં પ્રેમ અને મૈત્રીનાં જે કાવ્યો છે એ કાવ્યોથી કંઈક જુદું, કંઈક નવું નીપજી આવ્યું છે.''

કવિએ 'પ્રવાલદ્વીપ'ની સ્મરણીય સિદ્ધિ પછી વિસ્મયદર્શનની અભિવ્યક્તિરૂપ આગામી 'પક્ષીદ્વીપ' વિશે પણ સ્પષ્ટદ્રઢ – જાહેરાત સાથે – આગાહી કરી છે : 'પ્રવાલદ્વીપ'થી કંઈક જુદું, કંઈક નવું નીપજી આવશે એવી આશા છે. સર્જક સાથે ભાવકની આશા પણ અમર છે.

કંઈક જુદું, કંઈક નવું 'પુનશ્ચ'માં પ્રેમ અને મૈત્રી-કાવ્યોમાં કવિએ કહ્યું છે તેમ, કદાચ શૈલીસ્વરૂપમાં શોધવાથી જડે પણ વસ્તુવિષયમાં ઓછું મળે. પ્રેમ એ એવો શાશ્વત વિષય છે, મૈત્રી એ એવો સનાતન સંબંધ છે કે અત્યાર સુધીની ગુર્જરગિરાયાત્રામાં એ, જે તે કવિની કૃતિઓમાં પોતાની જુદી અને નવી રીતિએ ના લહેરાયો હોય એવું ભાગ્યે જ બને. રહી 'શૈલીસ્વરૂપ'ની વાત. તો પ્રશ્ન થાય કે શૈલી અને સ્વરૂપ એ બે વસ શું તદ્દન એક જ છે ? પરંતુ ભગતસાહેબ જેવા શૈલી (સ્ટાઇલ) અને સ્વરૂપ (ફૉર્મ)નો એક જ શબ્દ લેખે 'સમાસ' કરે છે. 'સંધિ' કરે છે તે સાંધાથીગડા જેવું વધુ લાગે ! સ્વરૂપમાં શૈલી સમાવિષ્ટ





નથી ? શૈલીમાં સમસ્ત સ્વરૂપ આવી રહ્યું એમ કહેવાશે ? જોકે, વસ્તુવિષય યા વિષયવસ્તુ-પ્રયોગ નિર્વાહ્ય ગણાય.

પણ આપણે તો મમમમ સાથે કામ, ટપટપ સાથે નહીં. ઉમાશંકર ચોંપથી, વાત્સલ્યથી નિરંજનને પૂછતા, 'કંઈ લખાયું છે ?' અપરાધભાવે ભગત 'ના' શબ્દ આપતા, તો ઉમાશંકર એમની વ્યંજનામાં કહેતા, 'ભલે તો આપણાથી ઓછા લાપરવા લોકો લખશે.' હવે 'પુનશ્ચ'પૂર્વક કવિ કહી શકે છે ઉમાશંકરને, 'જુઓ લખાયું છે લ્યો આ રહ્યું'...

ભલે અહીં 'શિથિલ તાલ'માં પણ આત્મલક્ષી લયમાં વનવેલી પ્રકારે કૃતિઓ વહી છે. કૃતિઓ પ્રેમ-મૈત્રી જેવા વિષયોને લઈ આવી છે પણ એનો ઊર્મિકાવ્યો કરતાં વિચારોર્મિ કે તર્કપ્રેરિત કાવ્યોના નિધિ લેખે આસ્વાદ અધિક મળે છે.

સ્ત્રી-પુરુષની પ્રેમાભિવ્યક્તિ સંવાદોમાં સુપેરે, બોલચાલની છટામાં સંભવી છે. આને સંવાદ-નાટ્ય યા નાટ્ય-સંવાદ તરીકે માણી શકાય. સ્ત્રીના પાત્રને પુરુષ-નાયક 'તું'કારથી નથી સંબોધતો (આત્મીયતા ઓછી નહીં હોય તોયે ?), 'તમે' કહી ઉદ્‌બોધે છે એમાં નાગરિક આભિજાત્ય અનુભવાય.

'આશ્ચર્ય' રચનામાં સ્ત્રી આશ્ચર્ય શું એવો પ્રશ્ન કરે છે, પુરુષ કેટલાક કોન્ટ્રાસ્ટ ગણાવે છે તોયે સ્ત્રી પૂછવાનું ચાલુ રાખે છે, 'એ આશ્ચર્ય વિશે પણ આશ્ચર્ય થાય છે તે શા માટે ?' તો છેલ્લે પુરુષ કહી દે છે : ના, એનો ઉત્તર નથી. છે માત્ર આશ્ચર્ય.' (પૃ. ૫) કૃતિનું સંરચન કેવળ તર્ક પર નખશિખ થયું છે અને જ્યાં ઉત્તર નથી ત્યાં તર્કનો અન્ત આશ્ચર્ય નિષ્પન્ન કરે – એવો ધ્વનિ વ્યંજિત છે.



'સૌંદર્ય અને સત્ય' (પૃ. ૧૪) રિલ્કેની રગમાં રચાઈ હોવાનો સુખદ સંદેહ પડે છે. ...'ની પુરુષઉક્તિમાં, નાયિકા સ્ત્રી પણ બૉદલેરનું કાવ્ય 'યાત્રાનું નિમંત્રણ' ...વા મળે છે. (પૃ. ૧૬) 'મુક્તિ'માં પંક્તિ છે 'સ્મરણમાં છેને મીરાં આ ઉક્તિ ?' (પૃ. ૨૮) આમ નાયિકાઓ સ્વમાની, શિક્ષિત, કર્તા કહે છે તેમ 'સુસંસ્કારી' હોવાથી વિવાદને બદલે નાગરિક- સંવાદમાં સંકળાય છે.

'મારા પ્રેમમાં' કૃતિ સંચયની, નિરંજનીય શૈલીમાં ફ્રેમ થયેલી વિશિષ્ટ કવિતા છે :

**મારા પ્રેમમાં છે મધ્ય સમુદ્રના વમળની વક્ર ગતિ,**
**એથી એમાં નથી કોઈ તટ પ્રતિ રતિ,**
(અહીં કવિનું પ્રાસાનુપ્રાસ કૌશલ્ય ખીલ્યું, ખૂલ્યું છે)

**મારો પ્રેમ સમુદ્રતલે વિરમી જશે ?**
**ને અનંત મૌનમાં, મૃત્યુમાં શમી જશે ? (પૃ. ૨૨)**

'વિરહ' (પૃ. ૩૬) અને 'મિલન' (પૃ. ૩૭)માં પણ મૌન આમ વારેવારે વિલસ્યું છે, 'બસ માત્ર બે જ શબ્દો ને વર્ષોનું મૌન ભાંગી જાય', 'વર્ષોથી આપણે તો માત્ર મૌન જ ધર્યું...'

'આ મારી જાતનું શું કરીશ ?' (પૃ. ૨૫)માં જે એકાન્ત અને એકલતાને વરવાની મનીષા છે તે પૃ. ૫૧ પર 'એકાન્ત અને એકલતા'માં પુનશ્ચ સર્જનાત્મક રૂપે નીખરી છે : 'માન્યું કે હવે બન્ને બે જલબિંદુની જેમ પરસ્પરમાં ભળી જશે, પછી કદી છૂટાં ન થાય

એમ એકમેકમાં છેક મળી જશે...' 'અને હવે છે એટલાં એકલાં ન'તાં.' લોન્લીનેસ અને એલોનનેસ વચ્ચેની વ્યાવર્તક ભેદરેખા અહીં સ્ફુટ થઈ છે. 'સર્પ ? કે રજ્જુ ? કે બન્ને ?'માં રાજારાવની 'સર્પન્ટ ઍન્ડ ધ રોપ' અને વેદાન્તના સર્પ-રજ્જુન્યાયનો સમન્વય, નાયિકાના ચુંબનપ્રદાનના સંદર્ભે વિલક્ષણ રીતિથી થયો છે. નાયિકા અહીં પુરુષનાયકને પૂછે છે :

**'મારા પ્રેમમાં વિલંબિત લય છે,**
**એનો તમને ભય છે ?'**

બરાબર એ જ પ્રશ્ન 'મારા પ્રેમમાં' રચનામાંય અક્ષરશઃ પુછાયો છે. અન્ય સ્વપ્નો ભલે ન ફળ્યાં, પણ મિત્રો મળ્યાની કૃતજ્ઞતા એલિયટની યાદ આપે એવી સ્ફટિક પંક્તિમાં કંડારાઈ છે : 'એથી જ મારા કેલેન્ડરમાં દેવો અને ગ્રહોનાં નામ પરથી નહિ, મિત્રોનાં નામ પરથી વાર ને મહિનાનાં નામ છે.' (પૃ. ૫૫), એલિયટ તો 'અંતમાં આરંભ, આરંભમાં અંત ? – આપણું આ આયુ નથી કૈં અનંત'માં પણ ચમક્યા છે. (પૃ. ૩૨)

મૌનની માફક મૃત્યુને, શૂન્યત્વ અને પૂર્ણત્વના મુખોમુખ દર્શાવીને અન્તે પૂર્ણત્વનો મહિમા પરોક્ષ પ્રશ્નમુદ્રામાં સ્વીકાર્યો છે : 'કંઈ જ નહિ ? શૂન્યત્વ ? કે પંચમહાભૂતનું પંચમહાભૂતમાં પૂર્ણત્વ ?' છેલ્લે 'પ્રતીક્ષા'માં સ્વજન-મૃત્યુસંબંધે અવઢવ સાથે તિતિક્ષાનો જાતસ્વીકાર વિધાનને પણ વેધક નિર્મી શક્યો છે :

**ભલે ! તો હજુય તે જીવ્યા કરું, કરી રહું તિતિક્ષા;**
**ભલે ! તો આયુષ્યના અંત લગી કરી રહું પ્રતીક્ષા.' (પૃ. ૬૪)**

લેવિસ કેરોલની કૃતિમાં એક જુવાનડો ફાધર વિલિયમને ટકોર કરે છે, તમારે માથે ધોળા આવી ગયા તોય શા માટે ઊંધા પડી વારેવારે શીર્ષાસન કરો છો ? આ વયે આમ કરવું યોગ્ય છે ? ત્યારે ફાધરે જવાબ આપ્યો : 'મારી જુવાનીમાં ઊંધા પડવાથી મગજને હાનિ થવાનો ભય હતો, પણ મને હવે પાકી ખાતરી છે કે મારે મગજ જેવું જ કંઈ રહ્યું નથી તેથી 'આઇ ડુ ઇટ અગેઇન ઍન્ડ અગેઇન...'

પરંતુ 'પુનશ્ચ' વાંચતાં ભગતસાહેબનું મગજ, લયાન્વિત કાવ્યબાની અને તર્કગ્રથિત ભાષાકર્મ પૂર્વે હતાં તેવાં જ ગતિશીલ છે. 'પ્રવાલદ્વીપ'ની પેઠે 'પક્ષીદ્વીપ'ની પ્રતીક્ષા કરવા મારા જેવા ભાવકો આતુર છે, પુનરપિ...

❒





# પરિષદવૃત્ત



**સંકલન : અનિલા દલાલ**

(૧) ગુજરાતી સાહિત્યપરિષદ અને જયન્તિ દલાલ સ્મૃતિસમિતિના સંયુક્ત ઉપક્રમે રવિવાર તા. ૨૪-૮-૨૦૦૮ના રોજ સાંજે રા. વિ. પાઠક સભાગૃહમાં વક્તવ્ય અને દશ્યશ્રાવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી રાજેશ શાસ્ત્રીએ 'જયન્તિ દલાલ : જીવણપોળ અને બાપા શાસ્ત્રીની ખડકી' વિશે પોતાની કિશોરાવસ્થા-તરુણાવસ્થા દરમ્યાનના શ્રી જયન્તિ દલાલ સાથેનાં અનુભવો અને સ્મરણોની રસભરી વાતો કરી. શ્રી પ્રકાશ શાહે પ્રાસંગિક વક્તવ્ય આપ્યું. તે પછી શ્રી પ્રવીણ પંડ્યા સંકલિત-દિગ્દર્શિત એવા શ્રી જયન્તિ દલાલના સાહિત્ય પર આધારિત નાટ્યાત્મક દશ્યોની પ્રસ્તુતિ કરવામાં આવી : 'બંદાના બોલ'. દશ્યકલા દ્વારા શ્રી જયન્તિભાઈના વિચારો પામવાની અને માણવાની શ્રોતાઓને સુંદર તક સાંપડી. શ્રી મનસુખ સલ્લાએ આભારદર્શન કર્યું.

(૨) ગુજરાતી સાહિત્ય પરિષદ અને પ્રગતિ મિત્ર મંડળ (મુંબઈ – બોરીવલી – કાંદીવલી)ના સંયુક્ત ઉપક્રમે 'કવિઓની નવાજૂની' કાર્યક્રમનું આયોજન તા. ૩૧-૮-૨૦૦૮ના રોજ કરવામાં આવ્યું. શ્રી ધીરુબહેન પટેલે સૌનું સ્વાગત કર્યું હતું. પ્રગતિના ઉપપ્રમુખ પ્રો. અનંતરાય બી. મહેતાએ કવિમિત્રો શ્રી દિલીપ ઝવેરી, શ્રી ઉદયન ઠક્કર, ડૉ. હેમેન શાહ, શ્રી હિતેન આનંદપરા, શ્રી વિવેક કાણે, કુ. આશા પુરોહિત અને શ્રીમતી ઉર્વશી પંડ્યાને મંચ પર આમંત્રિત કર્યા બાદ આ કાવ્યગોષ્ઠિનો દોર શ્રી મુકેશ જોષીને સોંપ્યો હતો. દરેક કવિએ પોતાની કૃતિનું પોતાની આગવી રીતે પઠન કરી સૌને મુગ્ધ કર્યા. બાળકલાકારો કુ. રાઘવ જોષી અને કુ. સૌમ્ય આનંદપરાએ પણ પોતાની કૃતિઓ રજૂ કરી. 'વડલો' વિભાગના વડીલો તરફથી બાળકસબીઓને પ્રમુખ શ્રી લીલાધરભાઈ દ્વારા પારિતોષિકો અપાયાં હતાં. શ્રી એ. બી. મહેતાએ આભારદર્શનમાં શ્રી ધીરુબહેન પટેલ, શ્રી વર્ષાબહેન અડાલજા અને શ્રી ઉદયન ઠક્કરની જહેમતને વિશેષે બિરદાવી હતી.

(૩) રવીન્દ્રભવન, ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે ''રવીન્દ્ર-સંગીત : વર્ષાગીતો'' કાર્યક્રમનું આયોજન તા. ૩-૯-૨૦૦૮ ને બુધવારે સાંજે પરિષદભવનમાં થયું હતું. વર્ષાગીતોનું શ્રી શૈલેષ પારેખે કરેલું recording મૂકવામાં આવ્યું હતું. વર્ષાગીતો સાંભળી સૌનાં હૃદય પણ ભીનાં ભીનાં થયાં હતાં.

(૪) ગુજરાતી સાહિત્ય પરિષદની 'આપણો સાહિત્યવારસો' શ્રેણીમાં તા. ૫-૯-૨૦૦૮ના રોજ સાંજે મલયાળમ્ અને અંગ્રેજીના કવિ શ્રી કે. સચ્ચિદાનંદન્ (પૂર્વસચિવ, સાહિત્ય અકાદેમી, દિલ્હી)ના કાવ્યપઠનનો કાર્યક્રમ યોજાયો. એમણે મલયાળમ્ કાવ્યોનાં પોતે જ કરેલા અંગ્રેજી-હિંદી અનુવાદોનું પઠન કર્યું. કાવ્યના વિષયોનાં વૈવિધ્યે સૌનું ધ્યાન ખેંચ્યું. શ્રી ભોળાભાઈ પટેલે અધ્યક્ષસ્થાનેથી આ કાવ્યોનું ટૂંકમાં જ સુંદર વિવરણ કર્યું. શ્રી રાજેન્દ્ર પટેલે પરિચય આપ્યો. શ્રી અનિલા દલાલે આભારદર્શન કર્યું.

(૫) પરિષદ અંતર્ગત શ્રી એચ. એમ. પટેલ અનુવાદ કેન્દ્રના ઉપક્રમે શ્રી પ્રદીપ

ખાંડવાલા દ્વારા અંગ્રેજીમાં અનૂદિત ગુજરાતી કવિઓનાં કાવ્યોના સંગ્રહ 'Beyond the Beaten Track'નો લોકાર્પણવિધિ તા. ૬-૯-૨૦૦૮ના રોજ પરિષદભવનમાં યોજાયો. મલયાળમ્ અને અંગ્રેજીના કવિ શ્રી કે. સચ્ચિદાનંદન્ આ લોકાર્પણ માટે દિલ્હીથી આવ્યા હતા અને તેમણે તેમના વક્તવ્યમાં કવિતા અને કાવ્યશાસ્ત્ર વિશે મંતવ્યો રજૂ કર્યાં અને પછી પુસ્તક-અનુવાદ-કાવ્યપસંદગી વિશે પોતાનાં નિરીક્ષણો જણાવ્યાં. અતિથિવિશેષ શ્રી નિરંજન ભગતે અનુવાદક પ્રદીપભાઈની અનુવાદપદ્ધતિ તેમજ તે ક્ષેત્રનાં તેમનાં કાર્યની વિગત આપી. શ્રી પ્રદીપભાઈએ પણ પોતે કરેલી કાવ્યોની પસંદગી અને અનુવાદ વગેરે વિશે જણાવ્યું. આ projectની વિશેષતા એ હતી કે લગભગ દરેક ગુજરાતી કવિ સાથે અનુવાદક પ્રદીપભાઈ વિમર્શ માટે બેઠા હતા અને કાવ્યના અર્થને કવિ પોતે કેવી રીતે મૂકવા ધારે છે તે જાણી-સમજી અનુવાદ કર્યા હતા. લગભગ પંદરેક કવિઓએ સ્વરચનાનું પઠન કર્યું અને પ્રદીપભાઈએ તે તે રચનાના અનુવાદનું પઠન કર્યું. અધ્યક્ષસ્થાનેથી શ્રી ધીરુભાઈએ આ આખીયે પ્રક્રિયાની પ્રશંસા કરી અને ભાવિ માટેની આશા સાથે શુભેચ્છાઓ પાઠવી. સ્વાગત અને પરિચય અનિલા દલાલે આપ્યાં. આભારવિધિ અનુવાદકેન્દ્રનાં સંયોજક રાજેન્દ્ર પટેલે કરી.

પુસ્તકનું પ્રકાશન ગુજરાતી સાહિત્ય પરિષદે કર્યું છે. હજીરા એલએનજી પ્રા. લિ. અમદાવાદના શ્રી નીતિનભાઈ શુક્લે સમગ્ર પ્રૉજેક્ટને અનુદાન આપ્યું હતું. (આ આવૃત્તિ દ્વિભાષી છે)

(૬) ગુજરાતી સાહિત્ય પરિષદ અને શિક્ષણ મહાવિદ્યાલય – ગૂજરાત વિદ્યાપીઠના સંયુક્ત ઉપક્રમે તા. ૧૨-૯-૨૦૦૮ના રોજ શિક્ષણ મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠના ખંડમાં શ્રી વ્રજલાલ દવે – શિક્ષણવિષયક વ્યાખ્યાનમાળાનાં વ્યાખ્યાનનું આયોજન થયું. શ્રી મોતીભાઈ મ. પટેલે એમની રસવાહી શૈલીમાં 'શાળાને રળિયામણી બનાવીએ' એ વિષય પર વક્તવ્ય આપ્યું. ઈ-આચાર્ય, ગૂ. વિદ્યાપીઠના શ્રી ભરત જોશીએ આરંભમાં સ્વાગત અને પરિચય આપ્યાં. પ્રિ. શ્રી મોહનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

### 'નવોદિત સર્જકો સાથે સંવાદ'

તા. ૧૨-૯-૦૮ના રોજ લુણાવાડા આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કોમર્સ કૉલેજમાં ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ પ્રેરિત 'નવોદિત સર્જકો સાથે સંવાદ' પ્રવૃત્તિ અંતર્ગત ટૂંકી વાર્તા પર એકદિવસીય સંવાદ થયો. પરિષદના શ્રી રાજેન્દ્રભાઈ પટેલ, શ્રી દીવાન ઠાકોર અને ગુજરાતી સાહિત્ય અકાદમીના મહામાત્ર શ્રી કિરીટભાઈ દૂધાતે પંચમહાલ અને દાહોદ જિલ્લાના નવોદિત વાર્તાકારો સાથે વાર્તાપાઠ બાદ જરૂરી પ્રેરક અને માર્ગદર્શક કથનો કર્યાં. સર્જન અને પરિશીલન અંગે વાકેફ કર્યા. કુલ સોળ વાર્તાપાઠ થયા, જેમાં પ્રા. વિનોદ ગાંધી, પ્રા. જૈમિન શાસ્ત્રી, ત્રિલોક મહેતા, મધુકર જોષી અને હસમુખ પરમારની વાર્તાકૃતિઓ ધ્યાનપાત્ર રહી. યજમાન કૉલેજના આચાર્ય ડૉ. કે. પી. પટેલ અને પ્રા. કાનજી પટેલે પણ સંવાદમાં પ્રેરક સહયોગ કર્યો. સંવાદનું સંચાલન પરિષદની પ્રવૃત્તિના સંયોજક નરેન્દ્રભાઈ જોશીએ કર્યું.

**એન. પી. જોશી**
પ્રવૃત્તિ સંયોજક

### પાક્ષિકી

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા સંચાલિત 'પાક્ષિકી'ના ઉપક્રમે તા. ૪-૯-૨૦૦૮ની સાંજે શ્રી અનિલ વ્યાસે તેમજ તા. ૧૮-૯-૨૦૦૮ની સાંજે શ્રી કલ્પેશ પટેલે તેમની અપ્રગટ વાર્તાઓનું પઠન કર્યું હતું. અનિલ વ્યાસની વાર્તામાં અશુભ ઘડીમાં જન્મેલી હોવાને કારણે સતત ઉપેક્ષા પામતી યુવતીની પીડા-વ્યથા તેમજ બદલાતાં કુટુંબીજનોનું વસ્તુ હતું. કલ્પેશ પટેલની 'જાત' વાર્તામાં ઑફિસમાં નવી આવેલી કર્મચારી નિમિષાને જોઈને પ્રગટ થતી ભલસાણીની માનસિકતા દ્વારા અન્તે મનુષ્યના ખોખલાપણાને પ્રગટ કરવાનું લક્ષ્ય હતું. બંને વાર્તાઓ વિશે ઉપસ્થિત ભાવકો દ્વારા ઝીણવટપૂર્વક ચર્ચા થઈ હતી. વાર્તાનો અન્ત, વસ્તુ-સામગ્રીની પ્રતીતિકરતા, કથનકેન્દ્ર, રચનારીતિ, ભાષા જેવા મુદ્દાઓ વિશેષ ચર્ચાયા હતા.

તા. ૧૬-૧૦-૨૦૦૮ ગુરુવારની સાંજે શ્રી વિજય સોની તેમની અપ્રગટ વાર્તાનું પઠન કરશે. રસ ધરાવનાર સૌને ઉપસ્થિત રહેવા નિમંત્રણ છે.

### પરિષદદર્શન – પરિચય

તા. ૯-૯-૦૮ના રોજ એચ. કે. આર્ટ્સ કૉલેજનાં અધ્યાપકો સર્વશ્રી સંજય ભાવે, જાગૃતિબહેન પંડ્યા તેમજ ગ્રંથપાલ તોરલ પટેલ એમના 'સ્ટુડન્ટ રીડિંગ ક્લબ'ના વિદ્યાર્થીઓ સાથે, તા. ૧૩-૯-૦૮ના રોજ આર. એચ. પટેલ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજનાં અધ્યાપકો સર્વશ્રી અરુણાબહેન ઠાકર, સુશીલાબહેન ભટ્ટ અને દિવ્યેશ ભટ્ટ તેમનાં ગુજરાતી વિષયના વિદ્યાર્થીઓને, તા. ૧૬-૯-૦૮ના રોજ એચ. કે. આર્ટ્સ કૉલેજના ગુજરાતી વિષયના વિદ્યાર્થીઓને લઈને સર્વશ્રી કાંતિભાઈ પટેલ, નલિનીબહેન દેસાઈ તેમજ શ્રદ્ધાબહેન ત્રિવેદી આવ્યાં હતાં. પરિષદના વિવિધ વિભાગોમાં તેમને લઈ જઈ પારુલ દેસાઈએ વિસ્તારપૂર્વક માહિતી આપી હતી. શ્રી રાજેન્દ્રભાઈ પટેલ અને શ્રી રમેશ ર. દવેએ વિદ્યાર્થીઓને રસ પડે એ રીતે વક્તવ્યો આપ્યાં હતાં. ત્યારબાદ વિદ્યાર્થીઓએ રાજેન્દ્ર શાહ અને મનુભાઈ પંચોળી 'દર્શક' વિશેની ટૂંકી દસ્તાવેજી ફિલ્મો જોઈ હતી.

### પારિતોષિક વિતરણ

ઍનીબહેન સરૈયાલેખિકા પ્રોત્સાહન નિધિના ઉપક્રમે યોજવામાં આવેલી નિબંધસ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે :

પ્રથમ ઇનામ : કાલિન્દી પરીખ
દ્વિતીય ઇનામ : (અ) કલ્પના દેસાઈ
(બ) પન્ના અધ્વર્યુ
તૃતીય ઇનામ : (અ) પ્રજ્ઞા પટેલ
(બ) નીલમ જોશી

તા. ૧૧-૧૦-૨૦૦૮ના રોજ મુંબઈ મુકામે પારિતોષિકવિતરણ સમારંભ યોજવામાં આવ્યો છે. પ્રમુખસ્થાને શ્રી કુમારપાળ દેસાઈ અને અતિથિવિશેષ શ્રીમતી તરલા દલાલ રહેશે. શ્રીમતી ધીરુબહેન પટેલની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો છે. નિર્ણાયકો તરીકે શ્રીમતી નન્દિની ત્રિવેદી અને શ્રીમતી તરુ કજારિયાએ સેવાઓ આપી છે.

## 'પરબ'ના પરદેશના ગ્રાહક માટે

૧લી સપ્ટે.થી પોસ્ટના દરમાં ખૂબ વધારો અમલમાં આવ્યો હોવાથી, Air-mail અને Sea-mailનો પોસ્ટેજ ખર્ચ નીચે મુજબ રહેશે. 'પરબ'ના પરદેશના ગ્રાહકોને આ મુજબની રકમ સત્વરે મોકલી આપવા વિનંતી : એક વર્ષ માટે : Air-mailનો પોસ્ટેજ ખર્ચ – રૂ. ૭૦૦/-. Sea-mailનો પોસ્ટેજ ખર્ચ – રૂ. ૩૬૦/-. ગુજરાતી સાહિત્ય પરિષદના નામનો ચેક અમદાવાદનો ૩૧ ડિસેમ્બર '૦૮ પહેલાં મોકલી આપવા વિનંતી. સૌ ગ્રાહકોએ gspamd@vsnl.net ઉપર પોતાનું email address અવશ્ય મોકલી આપવા વિનંતી.

## રાજીનામું

ગુજરાતી સાહિત્ય પરિષદના મધ્યસ્થ સમિતિના સભ્ય શ્રી હર્ષદભાઈ ત્રિવેદીએ પરિષદ સાથેના સૈદ્ધાન્તિક મતભેદોને કારણે તા. ૨૧-૭-૨૦૦૭ના રોજ રાજીનામું આપ્યું હતું તે તા. ૨-૩-૨૦૦૮ની મધ્યસ્થ સમિતિ અને કાર્યવાહક સમિતિની સંયુક્ત બેઠકમાં મંજૂર કરવામાં આવ્યું હતું.

– વહીવટી મંત્રી

## સૌ સાહિત્યકારોને વિનંતી

સુજ્ઞશ્રી,

વંદન. આપ સૌ જાણતાં જ હશો કે ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રકાશિત 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' ગ્રંથશ્રેણીના સાતમા ગ્રંથનું લેખન અને સંપાદનકાર્ય હાલ ચાલે છે. આ ગ્રંથમાં સમાવેશ પામનારા નાનામોટા ૧૪૬૪ સાહિત્યકારોની નામસૂચિ સાથે, 'પરબ'ના ૨૦૦૭ના મે મહિનાના અંકમાં એ સાહિત્યકારોને વિનંતી કરી હતી કે નામસૂચિના આરંભે છાપેલા માહિતીપત્રકમાં દર્શાવ્યા મુજબ એમના વિશેની માહિતી વિગતવાર લખી મોકલીને આભારી કરે. તેના પ્રતિભાવ રૂપે કેટલીક પ્રાથમિક માહિતી ઉપલબ્ધ થઈ છે, પરંતુ કોઈપણ સાહિત્યકાર વિશેના ઇતિહાસઆલેખમાં, એમનું સાહિત્યિક વ્યક્તિત્વ શી રીતે ઘડાયું અને એમના પરિવાર તેમજ શાળા-મહાશાળાએ, એમનાં શિક્ષક-અધ્યાપક તથા મુરબ્બી મિત્રો અને વાચનવ્યાસંગે શો પ્રભાવ સર્જ્યો – એ વાતનો નિર્દેશ થવો જોઈએ. એમ થાય તો જે-તે સાહિત્યકારની રચનાઓની સામગ્રી અને શૈલીની વિશેષતાઓ પ્રમાણવા-પરખવામાં ઉચિત સહાય મળે.

'સુન્દરમ્', ઉમાશંકર જોશી અને નિરંજન ભગત જેવા મૂર્ધન્ય સર્જકો વિશેની આવી માહિતી, એમના વિશે લખાયેલા લેખો, એમણે આપેલી સર્જક-કેફિયતો, મુલાકાત-પ્રશ્નોત્તર વગેરે રૂપે 'તપોવન', 'કવિનો શબ્દ', 'થોડુંક અંગત' અને 'સ્વાધ્યાયલોક : ૮ : અંગત' જેવાં સર્જકલક્ષી પુસ્તકોમાંથી મળી રહે છે. પરંતુ સૌ સાહિત્યકારોની આવી માહિતી-સામગ્રી ઉપલબ્ધ બનતી નથી. આમ હોઈને, 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ'ના પાંચમા-છઠ્ઠા ગ્રંથમાં સમાવેશ ન પામેલા એવા, ૧૯૩૦થી ૧૯૫૦ દરમ્યાન જન્મેલાં સૌ સાહિત્યકારો એમના સર્જકવ્યક્તિત્વના ઘડતર વિશેની સમુચિત માહિતી નીચેના સરનામે મોકલી આપે તેવી વિનંતી છે : નિયામક, કસ્તૂરભાઈ લાલભાઈ સ્વાધ્યાયમંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમમાર્ગ, અમદાવાદ ૩૮૦૦૦૯





# સાહિત્યવૃત્ત

**સંકલન : પ્રફુલ્લ રાવલ**

## વિદ્યાર્થી વાંચન અભ્યાસ શિબિર

શ્રી મનુભાઈ પંચોળી – દર્શક ફાઉન્ડેશન દ્વારા લોકભારતી સણોસરા મુકામે તા. ૩-૧૧-૦૮થી ૭-૧૧-૦૮ સુધી પાંચ દિવસનો વાંચન-અભ્યાસ શિબિર યોજાશે.

શિબિરમાં ગુજરાતના દસ જેટલા અભ્યાસી વક્તાઓ વક્તવ્યો આપશે. શિબિરમાં શ્રી રઘુવીરભાઈ ચૌધરી માર્ગદર્શન માટે પાંચે દિવસ ઉપસ્થિત રહેશે. સંચાલન શ્રી મનસુખભાઈ સલ્લા અને શ્રી મહેન્દ્રસિંહ પરમાર કરશે.

ગુજરાતી ભાષાના શ્રેષ્ઠ સર્જક જયંતિ દલાલ અને તેમની કૃતિઓને કેન્દ્રમાં રાખીને આસ્વાદલક્ષી અને મૂલ્યાંકનલક્ષી અભ્યાસ થશે. વિદ્યાર્થીઓ પોતાની મૌલિક કૃતિઓનું પઠન કરશે અને તેની ચર્ચા થશે. વિદ્યાર્થીઓની વાંચનરુચિ કેળવાય અને તેમની સાહિત્યની સમજ વધુ પરિપક્વ થાય તે આ શિબિરનો કેન્દ્રસ્થ હેતુ છે. શિબિરમાં ભાગ લેનાર વિદ્યાર્થી ઓછામાં ઓછું જયંતિ દલાલની કોઈ એક કૃતિ વિષે પોતાનો સ્વાધ્યાય લેખિત સ્વરૂપે તૈયાર કરીને સાથે લાવે તે અનિવાર્ય છે. ભાગ લેનાર વિદ્યાર્થીઓને શિબિરસ્થળે આવવા-જવાનું એક્સપ્રેસ બસનું પ્રવાસખર્ચ તથા ભોજન અને નિવાસવ્યવસ્થા ફાઉન્ડેશન તરફથી કરવામાં આવશે. વિદ્યાર્થીઓને પત્રવ્યવહારનું પોતાના ઘરનું સરનામું, ફોન નંબર અને પોતાનો પરિચય તથા એક કૃતિ મોકલવા નિમંત્રણ છે. કૃતિને આધારે વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવશે. બધી વિગતો નીચેના સરનામે તા. ૨૦-૧૦-૨૦૦૮ સુધીમાં મોકલવી : સંયોજક, દર્શક ફાઉન્ડેશન, રંગદ્વાર પ્રકાશન, ૧૫ યુનિવર્સિટી પ્લાઝા, દાદાસાહેબનાં પગલાં પાસે, નવરંગપુરા, અમદાવાદ, ૩૮૦૦૧૫, ફોન : ૦૭૯-૨૬૮૭૦૯૮૧, મો. ૯૮૨૪૦૪૨૪૫૩

## ડૉ. વિનાયક રાવલ ષષ્ટિપૂર્તિ મહોત્સવ

તા. ૭ સપ્ટેમ્બર ૨૦૦૮ના રોજ ડૉ. બળવંત જાનીની અધ્યક્ષતામાં ડૉ. વિનાયક રાવલનો ષષ્ટિપૂર્તિ મહોત્સવ સાક્ષર-સર્જકોની ઉપસ્થિતિમાં ઊજવાયો હતો. મહોત્સવ સમિતિએ સન્માનપત્ર, અભિવાદનપત્ર, મોમેન્ટો અને રૂ. ૬૦,૦૦૦ માનધન આપીને ડૉ. વિનાયક રાવલને સન્માન્યા હતા. ચિનુ મોદી અને અન્ય સાહિત્યકારોએ પ્રાસંગિક વક્તવ્યો આપ્યાં હતાં.

## જંબુસરમાં વિદ્યાર્થી વ્યાખ્યાનમાળા

દક્ષિણ ગુજરાત ગુજરાતીનો અધ્યાપક સંઘ અને જે. એમ. શાહ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજના સંયુક્ત ઉપક્રમે ૨૯ ઑગસ્ટે વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળા યોજાઈ હતી જેમાં ડૉ. સિલાસ પટેલિયા, દિનકર ટંડેલ, ડૉ. રેખા ભટ્ટ અલગ અલગ વિષય પર વ્યાખ્યાન આપ્યાં હતાં. ડૉ. ગજાનન પટેલે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

## ધાર્મિક રમૂજ સંગ્રહનો લોકાર્પણ સમારોહ

૨૯ જુલાઈના રોજ સુરત ખાતે જયકુમાર આર. દમણિયા 'બિન્દાસ' કૃત 'રામ મેં રમૂજ, રમૂજ મેં હી રામ' સંગ્રહનો લોકાર્પણ સમારોહ યોજાયો હતો.

## ઉપલેટામાં મુશાયરો

૩૦ ઑગસ્ટના રોજ ઉપલેટાની 'શબ્દલોક' સંસ્થાના ઉપક્રમે યોજાયેલા મુશાયરામાં ડૉ. જગદીપ નાણાવટી, પ્રો. રવજીભાઈ રોકડ તેમજ અહમદ મકરાણી, ગુણવંત જોષી, અમૃત રાણિંગા, અશરફ મકરાણી, જશુપુરીએ ગોસ્વામી પોતાની કાવ્યકૃતિઓ રજૂ કરી હતી.

## વાર્તાશિબિર યોજાઈ

સુરેશ જોષી સાહિત્યવિચાર ફૉરમ અને 'ઉત્તર ગુજરાત વાર્તા વર્તુળ'ના ઉપક્રમે ડીસા ખાતે ૬-૭ સપ્ટેમ્બરના રોજ વાર્તાશિબિર યોજાઈ હતી. નીતિન ત્રિવેદી, ડાહ્યાભાઈ 'માસૂમ', દીવાન ઠાકોર, દશરથ પરમાર, કનુભાઈ આચાર્ય, મોહન પરમાર, ડૉ. જયેન્દ્ર શેખડીવાળા, ધરમાભાઈ શ્રીમાળી, ડૉ. સુમન શાહ, ડૉ. અજિત ઠાકોર, સંજય ચૌહાણ, રામચન્દ્ર પટેલ, તરુણ શેઠ, ધરમસિંહ પરમાર તથા ભાનુભાઈ ત્રિવેદીએ વાર્તાપઠન કર્યું હતું.

## વિજ્ઞાનસાહિત્ય માટે પુરસ્કાર

ગુજરાતી ભાષામાં બાળકિશોર-વાચકો માટેના વિજ્ઞાનલેખનને પ્રોત્સાહન મળે એ ઉદ્દેશથી, વિજ્ઞાનલેખક ડૉ. નગીન મોદીના પ્રોત્સાહનથી, બાલસાહિત્ય અકાદમીએ યોજેલી સાહિત્યસ્પર્ધામાં ૨૦૦૬-૦૭નાં વર્ષોના આ પ્રકારના શ્રેષ્ઠ પુસ્તક તરીકે અશ્વિન ચંદારાણાના પુસ્તક 'રખડપટ્ટી'ને પુરસ્કારયોગ્ય ઠરાવવામાં આવ્યું છે. નિર્ણાયક તરીકે બહુશ્રુત ડૉ. સુશ્રુત પટેલે સેવા આપી હતી.

## ગઝલનું નવું સામયિક 'ગઝલત્વ'

પાન ગ્રૂપ ઑફ પબ્લિકેશન અને રચના સાહિત્ય પ્રકાશનના ઉપક્રમે 'ગઝલત્વ' નામક ત્રૈમાસિક શરૂ થવાનું છે. સહુ સર્જકને ગઝલવિષયક સાહિત્ય મોકલવા વિનંતી છે. સરનામું : ગઝલત્વ ત્રૈમાસિક, પાન ગ્રૂપ ઑફ પબ્લિકેશન, પ્લૉટ નં. ૩૫૩/૨૧, ગાર્ડન ઍવન્યૂ, જયંતી સોસાયટી, ફ્લૅટ નં. ૧૪, એ વિંગ, આર. બી. મહેતામાર્ગ, ઘાટકોપર – પૂર્વ, મુંબઈ ૪૦૦૦૭૭

❒

# પરબ

## ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગે :

- ❖ 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- ❖ 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- ❖ 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦ છે.
- ❖ વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૭૫ છે, પ્રમાણપત્ર સાથે બીડવું.
- ❖ ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- ❖ પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક રૂ. ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક રૂ. ૩૦૦ છે.
- ❖ પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક રૂ. ૨,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી રૂ. ૩,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- ❖ 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

## લેખકોને :

- ❖ 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- ❖ લેખકોએ પોતાનું લખાણ ફૂલસ્કેપ અથવા A4 સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવા તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- ❖ **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો જ અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ રદ ગણવી. પૉસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- ❖ **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ' ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯

## ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત તદ્દન નવાં પ્રકાશનો




[**'ઉમાશંકરનો વાગ્વૈભવ'** : ચંદ્રકાન્ત શેઠ, પ્ર.આ. ૨૦૦૮, ડિમાઈ, પાકું પૂંઠું]

ખંડ-૧, કાવ્યસર્જન, પૃ. ૧૨+૪૨૮, કિં. રૂ. ૨૨૦/-

ખંડ : ૨ : ગદ્યસર્જન : પૃ. ૮+૩૯૨, કિં. રૂ. ૨૦૦/-

ખંડ : ૩ : વિવેચન : પૃ. ૮+૩૨૪, કિં. રૂ. ૧૭૦/-

શ્રી ચંદ્રકાન્ત શેઠે ઈ.સ. ૧૯૭૮માં લખેલા મહાનિબંધનું સંવર્ધિત સ્વરૂપે ત્રણ ખંડોમાં પ્રકાશન થયું છે. પ્રથમ ખંડમાં ઉમાશંકરની પૂર્વવર્તા ગુજરાતની સાંસ્કૃતિક-સાહિત્યિક પરંપરા, ઉમાશંકરનું સર્જક વ્યક્તિત્વ અને ઉમાશંકરનું કાવ્યસર્જનનો સમાવેશ થાય છે. બીજા ખંડમાં ઉમાશંકરનું નાટ્યસાહિત્ય, કથાસાહિત્ય, નિબંધસાહિત્ય, ચરિત્રસાહિત્ય અને પ્રવાસસાહિત્યનો સમાવેશ થાય છે. ત્રીજા ખંડમાં ઉમાશંકરનું વિવેચનસાહિત્ય, ઉપસંહાર અને જીવનક્રમિકા તથા વાઙ્મયસૂચિનો સમાવેશ થાય છે. જેમની વિદ્વત્તાને દેશવિદેશના વિદ્વાનોએ સન્માની છે એવા ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય સર્જક-વિવેચક ઉમાશંકર જોશીનું સમ્યગ દર્શન આ ગ્રંથોમાં લાધે છે. હજારેક પૃષ્ઠો ધરાવતા આ ત્રણ ગ્રંથો અભ્યાસીઓને વિરલ સંદર્ભસેવા પૂરી પાડશે તેવી અપેક્ષા છે.

સતત ચાલેલા શોધન-વર્ધનને કારણે આ ગ્રંથ મહાનિબંધ કરતાં કંઈક વધુ હોવાની પ્રતીતિ કરાવે છે. અભ્યાસીઓ આ ત્રણે ગ્રંથોને ઉમળકાભેર આવકારશે એવી અપેક્ષા છે.

### ગુજરાતી સાહિત્ય પરિષદ

નદીકિનારે, 'ટાઇમ્સ' પાછળ,
આશ્રમમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯.
ફોન : ૨૬૫૮૭૯૪૭



## ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત તદ્દન નવાં પ્રકાશનો




[**'Beyond The Beaten Track** : Offbeat Poems from Gujarat', અનુવાદ : પ્રદીપ ખાંડવાલા, પ્ર.આ. ૨૦૦૮, ડબલ ડિમાઇ, કાચું પૂંઠું, પૃ. ૩૦૨, કિં. રૂ. ૩૯૫/-]

ગુજરાતી સાહિત્ય પરિષદના અનુવાદકેન્દ્ર દ્વારા તૈયાર થયેલ આ ગ્રંથ દ્વારા ગુજરાતી કવિઓની કવિતાને અંગ્રેજી ભાષામાં અનુવાદ દ્વારા અન્યભાષી સહૃદયો સુધી પહોંચાડશે. ૧૧૫ કવિઓનાં કાવ્યોને વિષયની દૃષ્ટિએ ૨૭ વિભાગોમાં વિભાજિત કરવામાં આવ્યાં છે. કુલ ૨૦૦ જેટલાં ગુજરાતી કાવ્યોના અનુવાદનો આ સંગ્રહ શ્રી પ્રદીપ ખાંડવાલાએ મોટાભાગનાં કવિઓ સાથેના રૂબરૂ આદાન-પ્રદાન દ્વારા તૈયાર કર્યો છે, જેથી કવિઓનાં કાવ્યોનો મૂળ ભાવ અનૂદિત કૃતિમાં જળવાઈ રહે. એમણે અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અનુવાદો કર્યા છે અને અંગ્રેજીમાં કાવ્યસર્જન કરી ત્રણ કાવ્યસંગ્રહો આપ્યા છે. ભાવકો આ ગ્રંથને આવકારશે એવી અપેક્ષા.




[**'પન્નાલાલનું પ્રદાન'** : સં. રઘુવીર ચૌધરી, રમેશ ર. દવે, સંવર્ધિત બી. આ. ૨૦૦૮, ડિમાઇ, પાકું પૂંઠું, પૃ. ૩૦+૪૦૬, કિં. રૂ. ૨૨૦/-]

'પન્નાલાલનું પ્રદાન' એ ગ્રંથ ગુજરાતી ભાષાના મૂર્ધન્ય સર્જક વિશેનો, અભ્યાસીઓ અને સંશોધકો માટે મહત્ત્વનો શ્રદ્ધેય સંદર્ભગ્રંથ – અભ્યાસગ્રંથ બની રહ્યો છે. તેની પ્રથમ આવૃત્તિ અપ્રાપ્ય છતાં તેની સંવર્ધિત બીજી આવૃત્તિ તૈયાર કરવામાં આવી છે. આ ગ્રંથની પ્રથમ આવૃત્તિમાં પન્નાલાલનાં કેટલાંક પુસ્તકો વિશેના લેખો સમાવી શકાયા ન હતા તે અભ્યાસલેખો અહીં ઉમેરાયા છે.

'....કોઈ ગજાવાળા અભ્યાસી વિદ્વાને પન્નાલાલના આજ સુધીના સમગ્ર સર્જનને આલોચી – વિવેચી પ્રમાણભૂત અધ્યયન આપ્યું નથી' – એ ૧૯૮૫માં વ્યક્ત થયેલી ઉમાશંકરની અપેક્ષા 'પન્નાલાલનું પ્રદાન'ના ગ્રંથસ્થ વિવેચનોના સંપાદન દ્વારા ફળીભૂત થઈ હતી. તેની બીજી સંવર્ધિત આવૃત્તિ અભ્યાસીઓ સમક્ષ મૂકવામાં આવે છે. અભ્યાસીઓ તેને ઉમળકાભેર આવકારશે તેવી અપેક્ષા છે.

### ગુજરાતી સાહિત્ય પરિષદ

નદીકિનારે, 'ટાઇમ્સ' પાછળ, આશ્રમમાર્ગ, અમદાવાદ-૯. ફોન : ૨૬૫૮૭૯૪૭